**આજનો સુવિચાર**

બહુ સારો સ્વભાવ
પણ સારો નહિ
કેમ કે,
પછી એ નથી સમજાતું
કે તમારી કદર થઈ
રહી છે કે ઉપયોગ!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૯૨ જૂનાગઢ તા.૨૬-૦૭-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 192, Junagadh : Date : 26 July, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# આજે કારગીલ વિજય દિવસની રજત જયંતિ : વડાપ્રધાન દ્રાસ પહોંચ્યા



કારગીલ,તા.૨૬

દ્રાસમાં કારગીલ વિજય દિવસનો બે દિવસીય રજત જયંતી સન્માન સમારોહ ગઈકાલ ગુરુવારથી શરૂ થયો છે. આજે વિજય દિવસ છે. ૨૫માં કારગીલ વિજય દિવસ પર વડાપ્રધાન મોદી સવારે ૮.૨૦ વાગ્યે દ્રાસમાં કારગીલ વોર મેમોરિયલ પહોંચ્યા હતા અને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

કારગિલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી લદ્દાખના કારગિલ પહોંચ્યા હતા. તેમણે ૧૯૯૯ના યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પછી, પાકિસ્તાનને ચેતવણી આપતા તેમણે કહ્યું - હું જ્યાં ઉભો છું ત્યાંથી મારો અવાજ આતંકવાદના આકાઓ સુધી પહોંચી રહ્યો છે.

## પાકિસ્તાન ઈતિહાસમાંથી કશું જ શીખ્યો નથી, તેમના ઈરાદાઓ ક્યારેય સફળ થશે નહીં - વડાપ્રધાન

હું તેમને કહેવા માગુ છું કે તેમની આતંકવાદી યોજનાઓ ક્યારેય સફળ નહીં થાય. ભૂતકાળમાં પાકિસ્તાને ગમે તેટલા પ્રયાસો કર્યા, તેમણે હારનો સામનો કરવો પડ્યો. પરંતુ તેમણે તેમના ઈતિહાસમાંથી કંઈ શીખ્યું નથી. તે આતંકવાદની મદદથી પ્રોક્સી વોરની મદદથી પોતાને સંબંધિત રાખવાનો પ્રયાસ કરી રહ્યો છે.

દેશના લોકોના આશીર્વાદથી જ તેઓએ મને ત્રીજી તક આપી, જે આપણે આ દિવસે ઉજવી રહ્યા છીએ. જો તે પક્ષ આવતો તો આ દિવસ ક્યારેય ઉજવાતો નહીં

કારગિલની જીત કોઈ સરકાર કે પક્ષની જીત નહોતી. આ દેશની જીત હતી, આ દેશની ધરોહર છે. આ દેશના ગૌરવ અને સ્વાભિમાનનો તહેવાર છે.

# આજથી પેરિસમાં ઓલિમ્પિક મહાકુંભનો પ્રારંભ




પેરિસ તા. ૨૬ :

રમતગમતના મહાકુંભ એટલે કે ઓલિમ્પિકની ભવ્ય શરૂઆત આજથી થઈ રહી છે. પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકનો ઉદઘાટન સમારોહ સીન નદીના કિનારે યોજાશે. ભારતે પેરિસ ઓલિમ્પિકમાં ૧૧૭ ખેલાડીઓની ટીમ મોકલી છે. આ ૧૧૭ સભ્યોની ટીમમાં ત્રણ રમતોના અડધા ખેલાડીઓનો સમાવેશ થાય છે - એથ્લેટિક્સ (૨૯), શૂટિંગ (૨૧) અને હોકી (૧૯). આ ૬૯ ખેલાડીઓમાંથી ૪૦ ખેલાડીઓ પ્રથમ વખત ઓલિમ્પિકમાં ભાગ લઈ રહ્યા છે.

ઓલિમ્પિક ઈતિહાસમાં પ્રથમ વખત સ્ટેડિયમની અંદર ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે નહીં. જે આ વખતે સૌથી ખાસ બાબત છે. ૧૮૯૬માં એથેન્સમાં ઓલિમ્પિકની શરૂઆત થઈ હતી, તેથી તેના ૧૨૮ વર્ષના ઈતિહાસમાં આ પ્રથમ વખત હશે કે આ ગેમ્સમાં ભાગ લેનારા દેશોની પરંપરાગત પરેડ પેરિસની મધ્યમાંથી વહેતી સીન નદીના કિનારે યોજાશે. જો કે ઓલિમ્પિક સમારોહ દરમિયાન વરસાદની સંભાવના છે.

આ ઉદઘાટન સમારોહમાં, ૧૦,૦૦૦ થી વધુ ઓલિમ્પિક રમતવીરો લગભગ ૧૦૦ બોટ પર સીન નદીમાંથી પસાર થશે, જયારે નોટ્રે ડેમ, પોન્ટ ડેસ આર્ટસ, પોન્ટ ન્યુફ સહિત પેરિસના કેટલાક પ્રતિષ્ઠિત સ્થળો પાસેથી પસાર થશે.

ફલોટિંગ પરેડ ઓસ્ટરલિટ્ઝ બ્રિજથી જાર્ડિન ડેસ પ્લાન્ટેસની બાજુમાં શરૂ થશે અને ટ્રોકાડેરો પર સમાપ્ત થશે, જયાં ઓલિમ્પિક સમારોહનો અંતિમ શો હશે. આ કાર્યક્રમ ત્રણ કલાકથી વધુ સમય સુધી ચાલવાનો છે.બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ અને ટેબલ ટેનિસના દિગ્ગજ શરત કમલ, જેઓ પોતાની પાંચમી ઓલિમ્પિકમાં ભાગ લેવા માટે તૈયાર છે, તેઓ ઓલિમ્પિકમાં ભારતીય ટુકડીનું નેતૃત્વ કરશે. આ બંને ખેલાડીઓ પોતપોતાની રમતના પ્રથમ ખેલાડી હશે જેઓ ઓલિમ્પિક ઓપનિંગ સેરેમનીમાં ભારતના ધ્વજ ધારક બનશે.

# દ્વારકા, પોરબંદર, જૂનાગઢ દેશના સૌથી વધુ વરસાદ ધરાવતા ટોપ-3 જીલ્લા બન્યા

### તા.૧૭થી ૨૪ જુલાઈ દરમ્યાન દ્વારકામાં સામાન્ય કરતા ૧૪૨૨ ટકા, પોરબંદરમાં ૧૧૦૧ ટકા અને જૂનાગઢમાં ૭૧૨ ટકા વધુ વરસાદ નોંધાયો

અમદાવાદ,તા.૨૬

ગુજરાતના કેટલાંક ભાગોમાં મેઘરાજાએ ભારે આફત સર્જી છે. આભ ફાટતા હોય તેવો અનરાધાર વરસાદ વરસાવ્યો છે જેને પગલે સૌરાષ્ટ્રના ત્રણ જીલ્લા રાષ્ટ્રીય નકસા પર આવી ગયા છે. પોરબંદર, દ્વારકા તથા જુનાગઢમાં અઠવાડિક વરસાદની માત્રા નોર્મલ કરતા ૭૦૦ ટકા વધુ રહી છે અને દેશમાં સૌથી વધુ વરસાદ ધરાવતા જીલ્લા બન્યા છે.

તા.૧૭થી૨૪ જુલાઈ દરમ્યાન દેવભૂમિ દ્વારકામાં નોર્મલ કરતા ૧૪૨૨ ટકા વધુ વરસાદ થયો છે. પોરબંદરમાં ૧૧૦૧ ટકા તથા જુનાગઢમાં ૭૧૨ ટકા વધુ વરસાદ થયો છે. સમગ્ર દેશના ૭૮૮ જીલ્લાઓ પૈકી ૬ જીલ્લામાં સાપ્તાહિક વરસાદ નોર્મલ કરતા ૫૦૦ ટકા કે તેથી વધુ છે તેમાંથી ચાર ગુજરાતના છે અને બાકીના બે આંધ્રપ્રદેશના છે.

ગુજરાતની હવામાન પેટર્ન પર અનેક અભ્યાસ થયા છે તેમાં એવુ સુચવાયુ જ છે કે છેલ્લા કેટલાંક વર્ષોમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચોમાસાની પેટર્નમાં બદલાવ આવ્યો છે અને વારંવાર અતિભારે વરસાદના ઘટનાક્રમો સર્જાઈ રહ્યા છે.

## હાઈકોર્ટે ગુજરાત સરકારને ખખડાવી નાખી : અમે તમને શાળામાં ફાયર સેફટી ચેક કરવા કહ્યું, તમે તો શાળાઓ જ બંધ કરાવી દીધી

અમદાવાદ તા.૨૬

પ્રિ-સ્કૂલોમાં ફાયર સેફ્ટીને લઈ સ્કૂલો બંધ કરાવતા હાઈકોર્ટે સરકારને ઝાટકી હતી. ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ કાર્યવાહી શરૂ થતાં જ ચીફ જજે સરકારી વકીલને બોલાવીને કહ્યું હતું કે, એક સમચાર સંસ્થાના અહેવાલ પ્રમાણે ફાયર સેફ્ટી નહિ હોવાથી ઓથોરિટીએ પ્રિ-સ્કૂલ બંધ કરાવી દીધી છે. આ શાળાને કોઈ નોટિસ સમય આપવામાં આવ્યો નથી. સરકારે ફાયર સેફ્ટીના અમલ માટે કોઈ યોગ્ય જાહેરનામું કે સૂચનાઓ બહાર પાડી નથી. કોર્ટે તમને સ્કૂલોમાં ફાયર સેફ્ટી ચેક કરવા નિર્દેશ આપ્યા છે. પરંતુ ઓથોરિટી પાવરનો વધુ પડતો ઉપયોગ કરે નહિ.

તમને એક સમયગાળામાં શાળાઓમાં ફાયર સેફ્ટી મુદ્દે તપાસ કરી અહેવાલ સુપ્રત કરવા જણાવ્યું છે, પણ તેના ઓઠા હેઠળ સ્કૂલ સીલ કરવાના પગલાં લેવાય નહિ. સ્કૂલોને ફાયર સેફ્ટી અંગે યોગ્ય સૂચનાઓ આપો. પ્રિ-સ્કૂલ દિવસે ચાલતી હોય છે. આ નાના બાળકોના માતા-પિતા નોકરિયાત હોય છે. આ સ્કૂલો રહેણાક મકાનમાં ચાલતી હોય છે. તમે ત્યાં ફાયર સેફ્ટીના પગલાં લો, પણ વધુ પડતી કાર્યવાહી યોગ્ય નથી. કોર્ટના આદેશ છે એટલે અમે આવું કરીએ છીએ તેમ ના કહો.

## :: સમાચાર રાઉન્ડ અપ ::

- રશિયા સાથેના સંબંધો મામલે ભારતે અમેરીકાને રોકડુ પરખાવ્યું - કોની સાથે મિત્રતા રાખવી તે અમારો અધિકાર
- યુનોના રીપોર્ટ મુજબ ચાલુ વર્ષે ઉનાળામાં ભારતમાં હીટસ્ટ્રોકના ૪૦૦૦૦ થી વધુ કેસ અને ૧૦૦ થી વધુ મોત નોંધાયા
- આવતીકાલે યોજાનારી નીતિ આયોગની બેઠકનો ૭ રાજ્યો દ્વારા બહિષ્કાર
- અમેરીકાના પ્રમુખપદની ચૂંટણીમાંથી બાઈડન ખસી જતાં કમલા હેરીસને લોટરી લાગી : એક જ દિવસમાં ૧૦૦ મીલીયન ડોલરનું પાર્ટીફંડ મળ્યું
- અમદાવાદ જીલ્લાના બાવળા તાલુકાના જુવાલ રૂપાવટી ગામે બનેલી ઘટના - નવજાત બાળકને નિષ્ઠુર માતાએ વરસતા વરસાદમાં કાંટાળી જાડીઓમાં ફેંકી દીધું
- ૨૦૨૩માં વિશ્વના ૭૩ કરોડ લોકો ભૂખ્યા રહેવા મજબુર બન્યા : યુનો

# બજેટ બાદ સોનામાં રૂા.૫૦૦૦ ચાંદીમાં રૂા.૬૪૦૦નું ગાબડું

મુંબઈ,તા.૨૫

આજે ફરી સોના ચાંદીના ભાવમાં ધરખમ ભાવ ઘટાડો નોંધાયો છે. વૈશ્વિક બજારની અસરને પગલે સોનામાં રૂા.૧૦૦૦ અને ચાંદીમાં રૂા.૩૨૦૦નો ઘટાડો નોંધાયો છે. જેને પગલે સોનુ રૂા.૭૦,૬૦૦ અને ચાંદી રૂા.૮૪,૫૫૦ની સપાટીએ પહોંચ્યુ છે. હાલ આ ભાવ ઘટાડાથી વેપારીઓ અને લોકોને મોટી રાહત મળી છે.

બે દિવસ પૂર્વે કેન્દ્ર સરકારનું બજેટ જાહેર થયું હતું. જેમાં અનેક મહત્વની જાહેરાતો કરવામાં આવી હતી. ત્યારે સોના ચાંદી અને પ્લેટીનમ પર કસ્ટમ ડયુટી ઘટાડવામાં આવી હતી. આથી સોનામાં રૂા.૨૦૦૦ અને ચાંદીમાં રૂા.૩૦૦૦નું ગાબડુ પડયું હતું. ગઈકાલે પણ સોનામાં ૯૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો. સતત ઘટાડાથી સોનુ રૂા.૭૦૬૦૦એ પહોંચ્યું છે.

# હજી અડધાથી વધુ કરદાતાઓએ રીટર્ન ફાઈલ કર્યા નથી

નવી દિલ્હી, તા.૨૬ :

ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવાની અંતિમ તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ટેક્સ-ફાઈલિંગ પોર્ટલ પર અનિયમિતતાની ફરિયાદો વધી રહી છે. સ્થાનિક વર્તુળોના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે પોર્ટલ દ્વારા ITR ફાઈલ કરવામાં મુશ્કેલીઓને કારણે લગભગ અડધા કરદાતાઓએ હજુ સુધી તેમનો ITR ફાઈલ કર્યો નથી. ૨૫ જુલાઈ સુધી ITR ફાઈલ ન કરનારા લોકોની સંખ્યા ૪૯ ટકા હતી. તે જ સમયે, આવકવેરા વિભાગે કહ્યું કે ૨૨ જુલાઈ સુધી ૪ કરોડ રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા છે.


ડૉ. દિપેન જે. સુબા
M.P.T. MIAP. D.Y.T. D(Ac). C.D.N. C.M.S. & ED.
Fellowship in Arthritis & Musculoskeletal Pain (USA)
ભારત અને અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલનો અનુભવ મેળવી ક્લીનીકલ પ્રેક્ટીસમાં કાર્યરત
॥ આદિત્ય ॥ કલીનીક
Pain Management by Posturologist, Osteopathy & ChiroPractitioner
- સમગ્ર સૌરાષ્ટ્રના સૌ પ્રથમ યુકે સર્ટીફાઈડ પેઈન મેનેજમેન્ટ સ્પેશ્યાલીસ્ટ
- અમેરીકા અને લંડનની આધુનિક પેઈન મેનેજમેન્ટ પદ્ધતિથી સારવાર
- સમગ્ર સૌરાષ્ટ્રમાં આ સારવાર ફકત અમારે ત્યાં જ મળે છે.
- ખૂબ જ ઝડપી અસરકારક અને આડ-અસર વગરની સારવાર.
થોડુ કલીનીક વિશે :
અહીયા જુદી જુદી કાયરોપ્રેક્ટી, ઓસ્ટીયોપેથી, ડ્રાય નીડલીંગ, કપીંગ થેરાપી, અને કોલ્ડ લેસર વીથ નેનો કરંટનો ઉપયોગ થાય છે. આ સારવારમાં હાથનો ઉપયોગ કરી કે સાધનની મદદથી સાંધા કે મણકાંને ચોકકસ દિશામાં બળ આપે છે. જેનાથી શરીરની ગોઠવણી બરાબર સ્થિતીમાં આવે છે.
આદિત્ય કલીનિકની લોકપ્રિયતા
યુરોપ, અમેરીકા અને બીજા અનેક દેશોમાં આ સારવાર ખૂબ જ પ્રચલિત છે.
અમેરીકામાં પાંચ અને ઈંગ્લેન્ડમાં ત્રણ કોલેજમાં આ પદ્ધતિ ભણાવાય છે.
આ સારવાર માટે તબીબી ડોકટર અને ફિઝીયોથેરાપીસ્ટ સમાન શૈક્ષણિક લાયકાત જરૂરી છે
આ સારવાર કરવા માટે માનવ શરીર રચના,
બાયોમિકેનિકસ અને સ્પાઈનલ એડજસ્ટમેન્ટનું ઉંડાણપૂર્વક જ્ઞાન હોવુ જરૂરી છે
ઉપલબધ દુ:ખાવાની સારવાર
કમર, સાયટીકા, ડોક, ગોઠણ, હાડકા, પગ, હાથ, સ્નાયુ, પગની પેની, નસ, આંગળી, કાંડા, હાથ, કોણી, ખભા, સાંધાના વા, મણકા, સ્લીપડીસ્ક, ફ્રોઝન શોલ્ડર, ટેનિસ એલ્બો, સાર્વઈકલ, સ્પોન્ડીલાઈટીસ, લીગામેન્ટ પેઈન, હાથ-પગમાં ખાલી ચડવી વગેરે...
: સમય : સવારે ૧૦ થી સાંજે ૮
પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફલોર, પોલીસ લાઇન સામે, જયશ્રી ફાટક પાસે, જુનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525

BLACK DISINFECTANT FLUID પરિવારને રાખોનિરોગી, સ્વચ્છતા લાવો અનોખી.
B.B. PRODUCT
OKAY PHENYLE
ઓકે ફીનાઈલ
An ISO 9001:2015 Certified Company
નિર્માતા : બી.બી. હાઉસહોલ્ડ પ્રોડકટસ પ્રા. લી.
M. 92278 75773 | E-mail: bbokayindia@gmail.com
Web: www.okay-india.com

પ્લોટ વેચવાના છે
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

ડોકટરનાં લેબોરેટરીમાં
પહેરી શકાય તેવા કોટ રૂા.૧૦૦/- માં...
દરેક સ્કુલ યુનિફોર્મના
પેન્ટ માત્ર રૂા.૧૦૦/-
શર્ટ માત્ર રૂા.૧૦૦/-
કોટી માત્ર રૂા.૧૦૦/-
સ્કુલ યુનિફોર્મના કુર્તા અને પેટીકોટ
રૂા.૨૦/- માં પાણીના ભાવે મળશે.
તેમજ અન્ય કાપડમાં ૫૦% વળતર મળશે
બોમ્બે બજાર
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના...
આધુનિક ઉપકરણોથી સુસજ્જ
Dolakia Orthopaedic Hospital
અગાઉથી એપોઇન્ટમેન્ટ લઇને આવવું.
ફોન (૦૨૮૫) ૨૬૨૪૮૯૯, મો. ૯૮૭૯૫ ૧૧૬૭૯
Digital X-Ray Machine
Allengers C ARM
Motorized Operation Table
UT600 Phillips Monitor
Administer Plus Anae. Troly
ઉપલબ્ધ સુવિધાઓ
- સચોટ નિદાન સાથે સારવાર.
- કમર દર્દ માટે ઓપરેશન વગરની સારવાર.
- ગોઠણના સાંધાની ઓપરેશન વગર સારવાર.
- પેઇન મેનેજમેન્ટ.
- દરેક ફ્રેકચરની આધુનિક સારવાર.
- લીફ્ટની સગવડતા સાથે.
દોલકીયા ઓર્થોપેડીક હોસ્પિટલ
દેવલ કોમર્શિયલ કોમ્પલેક્ષ, ગાંધી ચોક, જૂનાગઢ.
ફોન : (૦૨૮૫) ૨૬૨૪૮૯૯ / ૨૬૨૪૮૪૪, મો. ૯૮૭૯૫ ૧૧૬૭૯

ધમાકા ઓફર... ધમાકા ઓફર... ધમાકા ઓફર...
SALE 8 % UPTO 38 % OFF
Online ખરીદી કરતા પણ ફાયદો
MAHER A/C.
CREATION
Bachpan se Pachpan Tak
Mo :- 96387-85835
The Complete Readymade Garment ShowRoom
1-4, JENILI SHOPPING CENTER, M.G. ROAD, JUNAGADH (GUJARAT) - 362001

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
Dr. Dhaval Sanghavi's Immunita Plus
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

SHETH BROTHERS — SINCE 1972 —
AYURVEDIC KAYAM TABLET
શું તમે કબજીયાતથી પરેશાન છો?
કાયમ ટેબલેટ કબજીયાતથી છૂટકારો અપાવે છે
આંતરડાની સફાઇ
સ્વસ્થ પેટ
૧૦૦% કુદરતી
કબજીયાત એ માત્ર સવારની સમસ્યા નથી, તે દિવસભરની મુશ્કેલીઓનું કારણ બને છે અને લાંબા ગાળાની બિમારીઓનું કારણ પણ બની શકે છે. તેની સામે લડવા સંપુર્ણ પણે કુદરતી તથા આયુર્વેદિક કાયમ ટેબલેટનો ઉપયોગ કરો અને કબજીયાત સામેના આયુર્વેદિક ઉપચારની સારી અસરને અનુભવો.
મેડીકલ અને આયુર્વેદિક સ્ટોરમાં ઉપલબ્ધ Buy online amazon 1mg
Toll Free No.: 1800 419 0807 (Mon - Sat 11 am to 6 pm) E-Mail : contact@kayamchurna.com

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો
Chilli Powder
Turmeric Powder

# મોટાપાયે વૃક્ષારોપણ અને પુનઃસ્થાપન પ્રયાસોના કારણે ગુજરાતમાં મેન્ગ્રોવ(ચેર) કવર ૧૧૭૫ ચોરસ કિલોમીટર સુધી વિસ્તર્યું

**૭૯૯ ચોરસ કિલોમીટર સાથે રાજ્યનો કચ્છ જિલ્લો મેન્ગ્રોવ કવરમાં અગ્રેસર : ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૨૨-૨૩ દરમ્યાન મેન્ગ્રોવના વાવેતરનું વ્યાપક અભિયાન હાથ ધર્યું**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૬

ગુજરાતે છેલ્લા ૩ દાયકાઓમાં મેન્ગ્રોવ (ચેર) વૃક્ષોના ક્ષેત્રમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જે પર્યાવરણીય સંરક્ષણનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ગુજરાત મેન્ગ્રોવ વૃક્ષોના સંરક્ષણમાં દેશના અગ્રણી રાજ્યોમાંનું એક બન્યું છે. રાષ્ટ્રીય સ્તરે ગુજરાત રાજ્ય મેન્ગ્રોવ વિસ્તારની દ્રષ્ટિએ પશ્ચિમ બંગાળ બાદ બીજા ક્રમે આવે છે. ગુજરાતનું મેન્ગ્રોવ કવર એટલે કે મેન્ગ્રોવ વૃક્ષોનું ક્ષેત્ર, ૧૯૯૧માં ૩૯૭ ચોરસ કિલોમીટરથી વધીને ૨૦૨૧માં ૧,૧૭૫ ચોરસ કિલોમીટર સુધી વિસ્તર્યું છે, જે રાજ્યની મહત્વપૂર્ણ દરિયાઈ ઈકોસિસ્ટમને બચાવવા અને તેને પુનઃસ્થાપિત કરવા માટે ગુજરાતના નક્કર પ્રયાસો દર્શાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારના મેન્ગ્રોવના વાવેતર અને સંરક્ષણ માટેના સતત પ્રયાસો ફળ્યા છે, જે પર્યાવરણીય સંરક્ષણ માટે રાજ્યને એક મોડલ તરીકે પ્રદર્શિત કરે છે. મેન્ગ્રોવ કવરમાં વધારો કરવાથી ફક્ત જૈવવિવિધતાને જ પ્રોત્સાહન નથી મળતું, પરંતુ ધોવાણ અને ભારે હવામાનની ઘટનાઓ સામે દરિયાકાંઠાની સ્થિતિસ્થાપકતા પણ મજબૂત બને છે, જે રાજ્યના દરિયાકાંઠાના સમુદાયો અને ઈકોસિસ્ટમ માટે ટકાઉ ભવિષ્ય સુનિશ્ચિત કરે છે. ગુજરાતમાં મેન્ગ્રોવ કવરના વિસ્તરણ અંગે વાત કરતા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે, "ગુજરાત સરકારે રાજ્યમાં મેન્ગ્રોવ વૃક્ષોનું વાવેતર વધારવા માટેના સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે, અને તેના પરિણામસ્વરૂપે આજે ગુજરાતમાં મેન્ગ્રોવનું આવરણ ૧૧૭૫ ચોરસ કિલોમીટર સુધી વિસ્તર્યું છે. રાષ્ટ્રીય સ્તરે પણ ગુજરાત મેન્ગ્રોવ કવરની દ્રષ્ટિએ બીજું સ્થાન ધરાવે છે, જે એક નોંધપાત્ર સિદ્ધિ છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં પર્યાવરણના સંરક્ષણ થકી સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પર ભાર મૂક્યો છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ પર્યાવરણીય સંરક્ષણ અને તેના દ્વારા 'વિકસિત ગુજરાત થી વિકસિત ભારત'ની નેમને સાકાર કરવા માટે ગુજરાત પ્રતિબદ્ધ છે."

**સમગ્ર ગુજરાતમાં મેન્ગ્રોવ વૃક્ષોનું વ્યૂહાત્મક વિતરણ**

ગુજરાતનું મેન્ગ્રોવ કવર વ્યૂહાત્મક રીતે રાજ્યના ચાર મુખ્ય વિસ્તારોમાં વહેંચાયેલું છે. રાજ્યનો કચ્છ જિલ્લો ૭૯૯ ચોરસ કિલોમીટર મેન્ગ્રોવ કવર સાથે અગ્રેસર છે, જે રાજ્યના મેન્ગ્રોવ કવરનો મોટાભાગનો હિસ્સો ધરાવે છે. જ્યારે મરીન નેશનલ પાર્ક અને અભયારણ્ય સહિત કચ્છનો અખાત, જામનગર, રાજકોટ (મોરબી), પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જેવા વિસ્તારોને આવરી લઈને ૨૩૬ ચોરસ કિલોમીટરનો મેન્ગ્રોવ કવર ધરાવે છે. ખંભાતના અખાત અને ડુમસ-ઉભરાટ વિસ્તારો સહિત રાજ્યનો મધ્ય અને દક્ષિણ ગુજરાત વિસ્તાર કે જેમાં ભાવનગર, અમદાવાદ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓનો સમાવેશ થાય છે, તે વિસ્તાર ૧૩૪ ચોરસ કિલોમીટર મેન્ગ્રોવ કવર ધરાવે છે. ઉપરાંત, અમરેલી, જૂનાગઢ અને ગીર-સોમનાથ જેવા જિલ્લાઓને આવરી લેતો રાજ્યનો સૌરાષ્ટ્ર વિસ્તાર પણ સામાન્ય ૬ ચોરસ કિલોમીટરનું મેન્ગ્રોવ કવર ધરાવે છે. મેન્ગ્રોવ વૃક્ષોની મહત્વપૂર્ણ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૨૨-૨૩ દરમિયાન મેન્ગ્રોવ વૃક્ષોના વાવેતરનું વ્યાપક અભિયાન હાથ ધર્યું હતું. ગુજરાતના વાર્ષિક વાવેતરના પ્રયાસો વર્ષ ૨૦૧૬-૧૭માં ૯,૦૮૦ હેક્ટર સુધી વિસ્તર્યા હતા. ૪,૯૨૦ હેક્ટર વિસ્તારમાં નવા વાવેતરો સાથે, કચ્છના અખાતમાં સૌથી વધુ વાવેતર થયું હતું. વિવિધ વિસ્તારોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સતત ધોરણે વૃક્ષારોપણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યમાં ૬૯૩૦ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રોવનું વાવેતર કરવામાં આવ્યું હતું અને વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૧૨,૦૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં મેન્ગ્રોવનું વાવેતર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**મેન્ગ્રોવ ઇકોસિસ્ટમનું મહત્વ**

મેન્ગ્રોવ્સ એ દરિયાકાંઠાના જંગલો છે, જેમાં ખારા પાણીમાં ઉગે તેવા વૃક્ષોનો સમાવેશ થાય છે, જે પોષકતત્વો અને કાંપને ફિલ્ટર કરીને પાણીની ગુણવત્તા સુધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આ ઈકોસિસ્ટમ્સ દરિયાઈ જીવસૃષ્ટિને ટેકો આપવા, દરિયાકાંઠાની જમીનને સ્થિર કરવા, ખારાશને વધતી અટકાવવા અને વાવાઝોડાં જેવી કુદરતી આફતોની અસરને ઘટાડવા માટે મહત્વપૂર્ણ છે. એવો અંદાજ છે કે માછલીઓ અને પક્ષીઓ સહિત લગભગ ૧,૫૦૦ પ્રકારના છોડ અને પ્રાણીઓની પ્રજાતિઓ મેન્ગ્રોવ્સ પર નિર્ભર છે, જેઓ મેન્ગ્રોવ વૃક્ષો નીચેના છીછરા પાણીનો પ્રજનન નર્સરી તરીકે ઉપયોગ કરે છે તાજેતરના સંશોધનો દર્શાવે છે કે વાંદરાઓ, સ્લોથ, વાઘ, જરખ અને આફ્રિકન જંગલી શ્વાન જેવા મોટા સસ્તન પ્રાણીઓ માટે પણ મેન્ગ્રોવ મહત્વપૂર્ણ છે. આ તારણો, માછલી અને પક્ષીઓ માટે નર્સરી તરીકેની મેન્ગ્રોવ્સની પરંપરાગત ભૂમિકાથી આગળ વધીને તેમના વ્યાપક ઈકોલોજીકલ મહત્વને



પ્રકાશિત કરે છે. મેન્ગ્રોવ સંરક્ષણ માટે ગુજરાતની પ્રતિબદ્ધતાએ ભારત તેમજ અન્ય દેશો માટે પણ એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે. અરબી સમુદ્ર સાથેનો રાજ્યનો વ્યાપક ૧,૬૫૦ કિમીનો દરિયાકિનારો, જે ભારતના કુલ દરિયાકિનારાના ૨૧%થી વધુનો હિસ્સો ધરાવે છે, તે મેન્ગ્રોવ્સ, પરવાળા અને લીલ-શેવાળ જેવા દરિયાઈ ઘાસ સહિત વિવિધ ઈકોસિસ્ટમ્સ માટે એક આદર્શ વાતાવરનું નિર્માણ કરે છે. રાજ્યના સંરક્ષણ માટેના સમર્પિત પ્રયાસોની સાથે આ કુદરતી અનુકૂળતા ગુજરાતને પર્યાવરણીય સ્થિરતામાં વૈશ્વિક કક્ષાએ અગ્રેસર બનાવે છે. છેલ્લા બે દાયકામાં મેન્ગ્રોવ કવરમાં ગુજરાતની નોંધપાત્ર વૃદ્ધિ એ પર્યાવરણ સંરક્ષણ માટે રાજ્યની દૃઢ પ્રતિબદ્ધતાનો પુરાવો છે. વૃક્ષારોપણના વ્યાપક પ્રયાસો અને સરકારના સમર્થન સાથે રાજ્યના મહત્વપૂર્ણ વિસ્તારોમાં મેન્ગ્રોવ્સના વ્યૂહાત્મક વિતરણને કારણે માત્ર જૈવવિવિધતાને જ પ્રોત્સાહન નથી મળ્યું પરંતુ તેનાથી દરિયાકાંઠાની સ્થિતિસ્થાપકતા પણ વધુ મજબૂત બની છે. મેન્ગ્રોવ સંરક્ષણમાં ગુજરાત સતત અગ્રેસર રહેવા સાથે વિશ્વભરમાં ટકાઉ પર્યાવરણીય સંરક્ષણ માટે એક મોટું ઉદાહરણ સ્થાપિત કરે છે.

# દેશના ખેડૂતો, યુવા, મહિલા અને સમાજના દરેક વર્ગના વિકાસ સાથે સમૃદ્ધ ભવિષ્ય અને દેશના વિકાસને વેગવંતુ બનાવતું બજેટ: વિજયભાઈ કોરાટ

**બજેટમાં કૃષિ અને તેની સાથે સંકળાયેલા સેક્ટરો માટે ૧.૫૨ લાખ કરોડની જોગવાઈ : વિજયભાઈ કોરાટ**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૬

દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત દેશે વિકાસની હરણફાળ ભરીને સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કર્યો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકારના સતત ત્રીજા કાર્યકાળનું પ્રથમ પૂર્ણ બજેટ રજુ કર્યું છે. જેમાં દેશના ખેડૂતો, યુવા શક્તિ, મહિલા શક્તિ અને સમાજના દરેક વર્ગના વિકાસ સાથે સમૃદ્ધ અને દેશના વિકાસને વેગવંતુ બનાવવા માટેનો વિકસિત ભારતનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. આ બજેટમાં ખેડૂતોના સંર્વાગી વિકાસ માટે વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. જેમાં કૃષિ માટે ૧.૫૨ લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે ગત વર્ષ કરતા ૨૧% વધુ એટલે કે ૨૫ હજાર કરોડ વધુ છે. આ બજેટ અંતર્ગત દેશના ૧ કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે તૈયાર કરવામાં આવશે. ખેડૂતોની મદદ માટે ૫ રાજ્યમાં નવા કિસાન ક્રેડીટ કાર્ડ જારી કરવામાં આવશે. નાબાર્ડ દ્વારા ખેડૂતોને સહાય કરવામાં આવશે, ૩૨ પાકોની ૧૦૯ જાતો લાવવામાં આવશે, શાકભાજીની શ્રુખલાને મજબુત કરવામાં આવશે, ખેડૂત ઉત્પાદક સંગઠનો, સહકારી મંડળીઓ અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવામાં આવશે, ખેડૂતોના પાકનો સંગ્રહ અને તેમના માર્કેટિંગ પર ધ્યાન આપવામાં આવશે, સરકાર ૩ વર્ષમાં ખેડૂતો અને તેમની જમીનોને આવરી લેવા માટે ડિજીટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા પર કામ કરશે, ૬ કરોડ ખેડૂતો અને તેમની જમીનની વિગતો ખેડૂત અને જમીન રજીસ્ટ્રીમાં લાવવામાં આવશે. સરકાર ઝીંગા ઉત્પાદકોને મદદ કરવા માટે સંવર્ધન કેન્દ્રોનું નેટવર્ક બનાવવા માટે નાણાકીય સહાય પૂરી પાડશે. તેમની ખેતી, પ્રક્રિયા અને નિકાસ માટે નાબાર્ડ દ્વારા ધિરાણની સુવિધા પૂરી પાડવામાં આવશે, નેનો ડીએપીનો ઉપયોગ પાક ઉપર કરવામાં આવશે, ડેરી વિકાસક્ષેત્રે સારૂ કામ થશે અને દૂધ ઉત્પાદન કરનારા ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવશે, હરિયાળી વિકાસને પ્રોત્સાહન આપવા માટે બાયો-મેન્યુફેક્ચરિંગ અને બાયો-ફાઉન્ડ્રીની નવી યોજના શરૂ કરવામાં આવશે, પાકની લણણી બાદ સરકાર જાહેર અને ખાનગી રોકાણને પ્રોત્સાહન આપશે, તમામ એગ્રોક્લાઈમેટ ઝોનમાં નેનો ડીએપીનો ઉપયોગ વિસ્તારશે, તેલબીજમાં ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા માટે "સ્વનિર્ભર બીજ અભિયાન"ના નિયમો બનાવવામાં આવશે, એક્વાકલ્ચર ઉત્પાદકતા વધારવા, આયાત બેગણી કરવા અને વધારે રોજગારીની તકો



ઉભી કરવા માટે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાના અમલીકરણમાં વધારો કરાશે. આ બજેટમાં ગ્રામીણ અર્થવ્યવસ્થા માટે વધારે ફાળવણી, કર સુધારણા, માળખાકીય સુવિધાઓને પ્રોત્સાહન, સ્થાનિક વનનિર્માણ અને કૌશલ્ય સર્જન પર ભાર મુકવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેન્દ્રની સરકાર દ્વારા બજેટમાં કૃષિના સર્વાંગી વિકાસ માટે કરોડોની જોગવાઈ બદલ ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે અભિનંદન પાઠવ્યા હતા.

# કેશોદના શ્રી રણછોડરાય મંદિરમાં ધામધુમથી હિંડોળા ઉત્સવમાં ભાવિકો જોડાયા

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૬

કેશોદના માંગરોળ રોડ ઉપર આવેલ શ્રી રણછોડરાય મંદિરમાં હિંડોળા ઉત્સવ દર વર્ષે અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી મંદિરમાં ઊજવાય છે. હિંડોળા ઉત્સવ એટલે હરિને પ્રેમના ઝૂલે ઝુલાવવાનો અણમોલ અવસર. હિંડોળા ઉત્સવ એટલે આત્માને પરમાત્મામાં જોડી ભક્તિનાં પુષ્પો પ્રભુને અપર્ણ કરવાનો અનુપમ અવસર. હિંડોળા ઉત્સવ એટલે ભક્તો માટે ભગવાનના સામીપ્યનો લહાવો લેવાનો અવસર. આવા હિંડોળામાં ઝુલાવાના અવસરે ભક્તો નિતનવા પદાર્થોથી ભક્તિભાવપૂર્વક હિંડોળાને શણગારે છે અને રેશમની દોરીથી હરિને ઝુલાવી ભાવવિભોર બની જાય છે.મહાકવિ કાલિદાસે કહ્યું છે કે, ઉત્સવપ્રિયા ખલુ મનુષ્યાં અર્થાત્ મનુષ્યો ઉત્સવ પ્રિય હોય છે. ઉત્સવો સર્વને ગમે છે, કારણ કે તે આપણને રોજિંદા જીવન વ્યવહારમાંથી મુક્તિ અપાવે છે. ઉત્સવને લીધે માણસનું જીવન શુષ્ક થતું અટકે છે અને રસમય બને છે. ઉત્સવ એટલે જે ઊર્ધ્વ જન્મ કરાવે તે. સાંસ્કૃતિક ઉત્સવોની સાંસ્કારિક ઉજવણી મનુષ્યને દ્વિજત્વ બક્ષે છે. ભાવપૂર્ણ અંતઃકરણથી જો ઉત્સવો ઊજવવામાં આવે તો જીવનમાં આનંદ નિર્માણ કરે છે. વૈષ્ણવ સંપ્રદાય અને સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભક્તિનું પ્રાધાન્ય વિશેષ છે. તેથી તેમાં ઉત્સવ-સામૈયા ઊજવવાનું અનોખું અને વિશિષ્ટ મહત્વ છે. જેમાં અનેક ઉત્સવો જેવા કે જન્માષ્ટમી, હરિનવમી, શિવરાત્રિ, ફુલદોલોત્સવ, અન્નકૂટ, શરદોત્સવ, હિંડોળા વગેરે મંદિરોમાં ઊજવાય છે. જેમાં સંતો તથા પ્રેમી હરિભક્તો બારેમાસ આવા ઉત્સવો ઊજવી ભગવાનને રીઝવવાની એક પણ તક ચૂકતા નથી. એમાંય વર્ષાઋતુનો પ્રારંભ થાય પછી તો કહેવું જ શું ? પવિત્ર શ્રાવણ માસની આલબેલ પૃથ્વીવાસી પોકારે તે પહેલાં પ્રકૃતિ જાણે તે લહાવો લૂંટી લે છે. ગગને મંડાયેલો મેઘ છડી પોકારતો હોય એમ અષાઢ - શ્રાવણની પધરામણી ટાણે ગર્જી ઊઠે છે. આકાશમાં ઘનઘોર વાદળો રીમઝીમ કરતાં વરસતાં હોય છે, મંદ મંદ પવન વાતો હોય છે, વીજલડી ચમકારા કરતી હોય છે અને સંધ્યા સમય એટલે કે આરતીનો સમય થતાં હરિભક્તો મંદિરમાં જઈને રેશમની દોરી વડે હિંડોળામાં બિરાજેલા પ્રભુને હિંચોળવા



અધીરા બની જાય છે કારણ કે હિંડોળા ઉત્સવ એટલે હરિને પ્રેમના ઝૂલે ઝુલાવવાનો અણમોલ અવસર. હિંડોળામાં ઝુલાવાના અવસરે ભક્તો નિતનવા પદાર્થોથી હિંડોળાને શણગારે છે. કોઈ દિવસ સુગંધીમાન પુષ્પો હોય, તો કોઈ દિવસ વળી ફળ, સૂકોમેવો, રાખડી, પવિત્રાં, મોતીના, આભલાંના, હીરના, કઠોળના, અગરબત્તી, મીણબત્તી, ચાંદી અને સુવર્ણોના દાગીના, કોડી, શંખલાં, છીપલાં, મોરપીંછ, સિક્કા, બોલપેન, આર્ટિફિશિયલ ફૂલ, આદિ વિવિધ ભાત-ભાતના સુંદર અને આકર્ષક ગોઠવણીથી કંડારેલા હિંડોળામાં ઠાકોરજીને પધરાવી સાયંકાળે પ્રેમીભક્તો તેમના લાડકોડ તન, મન, ધનથી સેવા કરીને પરિપુર્ણ કરે છે. મહાપ્રભુજી પણ મંદ મંદ હાસ્ય કરી હિંડોળામાં બિરાજમાન થાય છે. ત્યારે સંતો-ભક્તો મૃદંગ પખવાજ, ઝાંઝ, મંજીરા, ઢોલક તાલબદ્ધ વગાડીને હિંડોળાનાં પદો ગાઈને ઉત્સવ કરે છે. સંધ્યાનો સમય થાય એટલે સંતો સંધ્યાઆરતી કરે. આ દર્શન, આ સુખની વાત જ ન્યારી છે. વર્ષાનાં અમી છાંટણાંથી હરીભરી ધરતીનું સૌંદર્ય સોળે કળાએ ખીલે છે. હૃદય પ્રેમના હિંડોળે ઝૂલે એવો આ હિંડોળા ઉત્સવ છે. અયોધ્યામાં તથા વૃંદાવનનાં ઘણાં મંદિરોમાં આ હિંડોળા ઉત્સવ 'ઝૂલા ઉત્સવ' તરીકે ઊજવાય છે. ગુજરાતમાં વૈષ્ણવ મંદિરોમાં પણ હિંડોળા ઉત્સવ ઊજવાય છે. વૈષ્ણવી પરંપરા મુજબ શ્રીકૃષ્ણે વૃંદાવનમાં ગોપીઓ સાથે રાસ રમીને લીલા કરી હતી તેની સ્મૃતિઓ તાજી કરવા હિંડોળામાં શ્રીકૃષ્ણને ઝુલાવવામાં આવે છે. કેશોદના શ્રી રણછોડરાય મંદિરમાં ઉજવવામાં આવી રહેલા હિંડોળા ઉત્સવમાં ભાવિકો ભકતો બહોળી સંખ્યામાં જોડાઈ ધન્યતા અનુભવે છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેઘ વિરામ : અનેક સ્થળોએ ઉઘાડ નીકળતા રાહત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સપ્તાહ દરમિયાન વરસી ગયેલા અતિ ભારે વરસાદ બાદ છેલ્લા બે દિવસથી જિલ્લાના તમામ ભાગોમાં મહદ અંશે મેઘવિરામ રહ્યો છે. સૂર્યનારાયણના દર્શન થતા લોકોએ રાહત અનુભવી છે. સમગ્ર રાજ્યમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનો દ્વારકા તેમજ કલ્યાણપુર તાલુકો અતિ ભારે વરસાદના કારણે ભારે ચર્ચામાં આવી ગયો છે. આ સપ્તાહમાં મેઘરાજાએ તેમનું રૌદ્ર સ્વરૂપ બતાવતા ઠેર ઠેર ભારે ખાનાખરાબીના દ્રશ્યો જોવા મળ્યા હતા. પરંતુ ગઈકાલે જિલ્લાના તમામ ભાગોમાં વરસાદી હતી અને ક્યાંય પણ વરસાદ વરસ્યો ન હતો. છેલ્લા ૨૪ કલાક દરમિયાન જિલ્લાના તમામ ચાર તાલુકાઓ ખંભાળિયા, કલ્યાણપુર, દ્વારકા અને ભાણવડમાં વરસાદનો ૦ ફીગર જાહેર થયો છે. જિલ્લામાં સૌથી વધુ દ્વારકામાં ૫૪, કલ્યાણપુરમાં ૫૦, ખંભાળિયામાં ૪૨ અને ભાણવડમાં સાડા ૨૮ ઈંચ કુલ વરસાદ વરસી ચૂક્યો છે. ખંભાળિયા સહિત જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં આજે સવારે ઉઘાડ વચ્ચે તડકો નીકળતા ધરતીપુત્રોએ રાહતની લાગણી વ્યક્ત કરી છે.

**ખેતરોમાં નુકસાનીનું સર્વે કરી, વળતર ચૂકવવા ભારતીય કિસાન સંઘની માંગ**

કલ્યાણપુર તથા દ્વારકા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો કે જે અતિ ભારે વરસાદના કારણે પુર પ્રભાવિત થયા છે અને અનેક ગામોના ખેતરોમાં ધોવાણ તેમજ ઊભા પાકને વ્યાપક નુકસાની થવા પામી છે. કલ્યાણપુર તાલુકાના રાવલ, પાનેલી, ટંકારીયા, હરીપર, માલેતા, સહિતના ગામો તેમજ દ્વારકાના ગઢેચી, વસઈ, બાટીસા, મોજપ સહિતના જુદા જુદા ગામોમાં ખેડૂતોને વ્યાપક નુકસાની થવા પામી છે. જે અંગેનો સરકાર દ્વારા તાકીદે સરવે કરવામાં આવે અને ખેડૂતોને વળતર ચૂકવવામાં આવે તે માટેની માંગ ભારતીય કિસાન સંઘ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને કરવામાં આવી છે.

# દ્વારકા પંથકના અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે કોંગી આગેવાનો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરના ભારે વરસાદના પગલે અતિવૃષ્ટિના કારણે થયેલી નુકસાનની જાતમાહિતી મેળવવા અને નિરીક્ષણ કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રતિનિધિ મંડળનું દેવભૂમિ દ્વારકામાં આગમન થયુંહતું. જેમાં ભીખુભાઈ વારોતરીયા, સારાબેન મકવાણા અને પાલભાઈ આંબલીયાની આગેવાનીમાં કાર્યકરોએ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ, પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ વિસ્તારના ગ્રામજનોને ઉપસ્થિત આગેવાનોએ સરકારમાં યોગ્ય રજૂઆત કરવાની હૈયાધારણા આપી હતી. આ સાથે આજરોજ શુક્રવારે જિલ્લા કલેક્ટરને જિલ્લા કોંગ્રેસ દ્વારા આ બાબતે આવેદનપત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ પ્રતિનિધિમંડળ સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યાસીનભાઈ ગજ્જન, અરજણભાઈ કણઝારીયા લક્ષ્મણભાઈ આંબલીયા, નીરૂભા જાડેજા, કે.વી. ચાવડા, રાજાભાઈ પોસ્તરીયા સહિતના કોંગ્રેસના આગેવાનો જોડાયેલ હતા

# ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "એક પેડ માં કે નામ" આહ્વાનને અનુલક્ષીને ખંભાળિયા તાલુકાના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના સ્ટેટ કો-ઓર્ડીનેટર કૌશલભાઈ દવેની સુચના મુજબ જિલ્લા સંયોજક મનીષભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ ધવલભાઈ કણજારીયા, દેવુભાઈ કછટીયા સહિતના કાર્યકરોએ વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કર્યું હતું.

# જૂનાગઢમાં ઉર્સે નૂરી તથા દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફાના દસ્તારબંદીનો શાનદાર જલ્સો યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ મર્કઝે એહલે સુન્નત મસ્જીદે રઝાની યાદી મુજબ દર વર્ષની જેમ આ વર્ષે પણ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા અમીરે અહલે સુન્નત મખ્ઝને રૂહાનીયત ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ હઝરત અલ્લામાં પીર નૂરમુહંમદ મારફાની સાહબ અલયહીર્રહમાંની રૂહાની સરપરસ્તીમાં તથા પીરે તરીકત હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરી દામત બરકાત હોમુલ આલિય્યાહની ઝેરે સદારતમાં જૂનાગઢની ધરતી ઉપર તાજદારે કરબલા હુઝુર સૈયદના ઈમામે આલી મુકામ રદીઅલ્લાહુ તઆલા અન્હેની બારગાહમાં ખીરાજે અકીદત પેશ કરવા તથા હુઝુર સરકાર મુફતીએ આઝમે હિન્દુ અલયહીર્રહમાંના (૪૪)માં ઉર્ષે પાકના મૌકા ઉપર તથા દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફાના (૧૧)માં જશ્ને દસ્તારબંદીના શાનદાર જલ્સાનું આયોજન અં. તા.૨૦-૭-૨૦૨૪ શનિવારે રાત્રે ઈશાંની નમાઝ બાદ મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં શાનો શૌકતથી કરવામાં આવેલ હતું.

આ દસ્તારબંદીના જલ્સામાં પ્રમુખ સ્થાનેથી શેહઝાદએ ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ પીરે તરીકત હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરી મઝિલ્લહુલ આલીએ તેમના બયાનમાં જણાવેલ કે આજે દુનિયામાં કૌમોની તરક્કી માટે યુનિવર્સિટી, કોલેજ, ઈદારાઓ, તેમજ મદ્રેસાઓ ખોલવામાં આવે છે. યુનિવર્સિટી તેમજ કોલેજથી એજ્યુકેશન(તાલીમ) લીધા બાદ ત્યાંના ફારેગીન નોકરી શોધે છે. પરંતુ મદ્રેસામાંથી આલીમ, ફાઝિલ, હાફીઝ, કારી થઈને તે કૌમના ઈમામ બનીને નીકળે છે. સલાતો સલામ બાદ લગભગ ૨-૩૦ વાગ્યે જલ્સો પૂર્ણ થયેલ અને તમામ હાઝરીને જલ્સાને લંગરે નૂરી (આમ ન્યાઝ) જમાડવામાં આવેલ. આ દસ્તારબંદીના જલ્સામાં જૂનાગઢના ઓલમાએ કિરામ સાદાતે કિરામ તથા મસ્જીદોના ઈમામ સાહેબ, મુરીદીન, મોઅતકેદીન તેમજ આસપાસના ગામો તેમજ પુરા સૌરાષ્ટ્રના અકીદતમંદોએ ઈમામે આલી મુકામ અને અકીદતમંદાને મુફતીએ આઝમે હિન્દએ બહોળી સંખ્યામાં હાજરી આપી ફૈઝાને ઈમામે આલી મુકામ અને ફૈઝાને મુફતીએ આઝમે હિન્દથી તરબોળ થયેલ.

# દ્વારકાની અદાલતે ચેક રીટર્ન કેસમાં બે વર્ષની સજા ફટકારી



(પ્રતિનિધ દ્વારા)

દ્વારકા તા.૨૬

દ્વારકાના ટ્રાવેલ્સના ધંધા સાથે સંકળાયેલા રાજેન્દ્રસિંહ એન.જાડેજાએ પોતાની માલીકીની બસ સુરજકરાડીના રહીશ જાવેદ દિલાવર સોલંકીને વેચાણ આપેલ અને તેમાં બસની ટેકસની રકમ ભરપાઈ કરવા માટે આરોપી જાવેદ દિલાવર સોલંકીએ ફરીયાદીને ચેક આપેલ અને જે ચેકની તારીખે ફરીયાદી દ્વારા ચેક વટાવવા માટે રજુ કરતા ચેક રીટર્ન થયેલ. જે અંગે ફરીયાદીએ પ્રથમ લીગલ નોટીસ આપી અને દ્વારકાની અદાલતમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ કેસ દાખલ કરેલ. જે કેસ નામદાર દ્વારકાની અદાલતે આરોપી જાવેદ દિલાવર સોલંકીને બે વર્ષની કેદની સજાનો હુકમ કરેલ અને આરોપીએ વળતરની રકમ રૂા.૪,૪૦,૦૦૦ ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરેલ તેમજ આ વળતરની રકમ ના ચુકવે તો વધુ છ માસની સજાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં ફરીયાદીના વકીલ તરીકે દ્વારકાના સીનીયર ધારાશાસ્ત્રી સંજય પી રાયઠઠા તથા વકીલ ધર્મેશ એસ.ચુડાસમા રોકાયેલ હતા.

# જૂનાગઢ જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાની સૂચના : વરસાદ વિરામ થતાં સમગ્ર જીલ્લામાં સાફ-સફાઈની સઘન કામગીરી





જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી અવિરત વરસાદ હોવાને કારણે અનેક જગ્યાએ પાણી ભરાવા, કાદવ કીચડની સમસ્યાઓ, મચ્છરજન્ય રોગનો ફેલાવા સહિતની સમસ્યાઓ થઈ હતી. વરસાદ વિરામ લેતાં જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સંબંધિત કચેરીના વડાશ્રીઓને સાફસફાઈની કામગીરી સઘન બનાવવા સૂચના આપી જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

વધારે અસરગ્રસ્ત વંથલી, કેશોદ, માળીયા, સહિતના વિસ્તારોમાં આંગણવાડી, પ્રાથમિક શાળાઓ, પંચાયત, ગામની ગટર લાઈન, નીચાણવાળા વિસ્તારો વગેરેમાં જરુરિયાત મુજબ સાફસફાઈ કરવી અને મચ્છરજન્ય રોગ ન ફેલાય તે માટે દવાનો છંટકાવ કરવા અને કચરાનો યોગ્ય નિકાલ કરવાજણાવ્યું હતું.

ચાંદીપુરા વાયરસનું પ્રમાણ હાલમાં વધારે હોવાથી સંક્રમણ ન ફેલાય તે માટે તકેદારીના ભાગરૂપે નાગરિકોને તે અંગે હાથ ધરવાની કાળજીઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. બાળકોમાં આ વાયરસનું પ્રમાણ વધારે હોવાથી સમયાંતરે હેલ્થ ચેક-અપ કરવા આરોગ્ય વિભાગના કર્મચારીઓને સૂચના આપવામાં હતી.

# જૂનાગઢ જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને 'ડિજિટલક્રોપસર્વે' અંતર્ગત બેઠક યોજાઇ

**ખરીફ ઋતુ-૨૦૨૪માં એગ્રી સ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત જૂનાગઢ જીલ્લામાં 'ડિજિટલક્રોપસર્વે' અમલી**




જૂનાગઢ, તા.૨૬

ડિજિટલ એગ્રીકલ્ચરના ભાગરુપે ભારત સરકાર દ્વારા એગ્રી સ્ટેક પ્રોજેક્ટ અમલી છે. ભારત સરકારની સૂચના અનુસાર ખરીફ-૨૦૨૪ થી એગ્રી સ્ટેક પ્રોજેક્ટ ડિજિટલ ક્રોપ સર્વે આગામી સમયમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં અમલી થશે. આ અંતર્ગત જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની કમિટીની બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં ડિજિટલ ક્રોપ સર્વે અંગેના વિવિધ પાસાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આગામી સમયમાં આ કામગીરી અભિયાન સ્વરુપે હાથ ધરવા શું કરવાનું રહે છે તે અંગેજિલ્લા કલેકટરે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આ કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી હતી. એગ્રી સ્ટેક ડિજિટલ ગ્રુપ સર્વે પ્રોજેકટમાં મહેસુલ, પંચાયત, ખેતીવાડી, બાગાયત, લેન્ડ રેકર્ડ સહિતની કચેરીઓનું પ્રતિનિધિત્વ સહપ્રમાણ હોય અને તેમના વચ્ચેનું આંતરિક સંકલન યોગ્ય રીતે જળવાઈ રહે તે અનુસાર આ કામગીરી થાય તે જોવા જણાવ્યુ હતુ. આ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા મોબાઈલ એપ્લિકેશન Geo-tagging દ્વારા જિલ્લાના દરેક જમીન ખાતા નંબરના તમામ સર્વે નંબરના ફોટો સાથે વાવેતર કરવામાં આવેલા પાકોની વિગતો એકત્ર કરવાની થાય છે તે વિશે વિગતો આપવામાં આવી હતી. આ સર્વે માટે ગામના ફર્નઈ, ફઝઈ કે ટેકનોલોજીના જાણકાર હોય તેવા યુવાનોની પસંદગી થશે અને તેમના દ્વારા ખેડૂતોના ખેતર ઉપર રૂબરૂ મુલાકાત કરી સર્વે કરવામાં આવશે. ખરીફ ઋતુમાં આ કામગીરી તા.૧૬ ઓગસ્ટ, ૨૦૨૪થી સમગ્ર જિલ્લાના ગામોમાં એક સાથે શરુ થશે.ખેડૂતો દ્વારા વાવેતર કરવામાં આવતા ઋતુવાર વિવિધ પાકોના વાવેતરની અદ્યતન વિગતો પણઆ કામગીરી થકી મળી શકશે. આવતા સમયમાં પાણીપત્રક ચોકસાઈપૂર્વક ઓનલાઈન થતા ખેતી પાકોની આયાત-નિકાસની નિતી નિર્ધારણમાં તેમજ ખેતીને લગત સંશોધનમાં ખૂબ જ ઉપયોગી થશે, તેમ જૂનાગઢ જિલ્લા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ જીલ્લા નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરીના અધ્યક્ષસ્થાને પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના કામગીરી સમીક્ષા બેઠક યોજાઈ





જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરીના અધ્યક્ષ સ્થાને પીએમ આદર્શ ગ્રામ યોજના કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. ગત બેઠકમાં સૂચિત કરવામાં આવેલા કામોની સમીક્ષા કરવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના સીતાણા ગામ અને ભેંસાણ તાલુકાના નવી ધારી ગુંદાળી ગામ આદર્શ ગામ તરીકે પસંદ કરવામાં આવી હોય તે ગામમાં કરવાની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી. પસંદ કરવામાં આવેલા ગામ આદર્શ બની શકે તે માટે ગામ દીઠ રૂા.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી હોય તેના અનુસંધાને બંને ગામમાં ગટર, આંતરિક રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ, પાણી, આરોગ્ય,શિક્ષણ, સફાઈ અભિયાન, પ્રાથમિક શાળાના ટોયલેટ બ્લોક સહિતના વિકાસ કાર્યો અંગે ઘટતું કરવા સંબંધિત અધિકારી-કર્મચારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આદર્શ ગામ બનાવવાના હેતુથી ગામ લોકો સાથે પણ ચર્ચા કરવા જણાવ્યું હતું. ગામના વિકાસ માટે ગામ લોકોની રજૂઆત હોય તે માટે શું પગલાંઓ ભરી શકાય, ઉક્ત કામમાં ઈનપુટ આપવા વગેરે બાબતો ઉપર પણ ધ્યાન આપવા પણ નિવાસી અધિક કલેકટરે સૂચવ્યું હતું.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામે નવો ફોર ટ્રેક સિમેન્ટ રોડ બેસી ગયો



ડોળાસા, તા.૨૬

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે તાજેતરમાં જ બનેલો ફોર ટ્રેક સિમેન્ટ રોડ ચાલીસ ફૂટ સુધી બેસી ગયો છે. કામ નબળું થયું હોવાથી નવો રોડ બેસી જતા આ કામ ના કોન્ટ્રાકટર ને જવાબદાર ગણી તુરત પગલાં લેવા અને આ તૂટેલો રોડ ફરી બનાવવા ની ઉઠી છે. ડોળાસાથી ઉના તરફ જતા દત આશ્રમ નજીક થોડા દિવસ પહેલા બનેલો ફોર ટ્રેક સિમેન્ટ રોડ આશરે ચાલીસ ફૂટ જેટલો તૂટીને બેસી ગયો છે. આ કામ નબળું થઈ રહ્યું હોવાનું પ્રથમથી જ જાણતું હતું. ભારે ઉતાવળે આ રોડનું કામ થયું છે એટલુજ નહિ પૂરતા પ્રમાણમાં રોડ બન્યા પછી પાણીનો છયકાવ પણ થયો નથી અને ખુલ્લો મૂકી દેવતા ભારે ખમ ટ્રકોની અવિરત આવન જાવનના કારણે આ રોડ બેસી ગયો. જૂનાગઢ કલેકર આ બાબતે તુરત પગલા લે તેવી વજન ચાલકો અને આમ જનતાની માંગ છે.

# જૂનાગઢ જીલ્લામાં પ્રાકૃતિક કૃષિના ૧૧૦ મોડલ ફાર્મ પ્રાકૃતિક કૃષિના નવા ૧૩૦ ફાર્મ બનાવવામાં આવશે

**ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશેના મૂંઝવતા પ્રશ્નોનું પણ થતું સમાધા, જીલ્લામાં પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મ બનાવવા માટે ખેડૂતોને રૂા.૧૧.૪૬ લાખની સહાય ચૂકવવામાં આવી**





જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના ૧૧૦ મોડલ ફાર્મ બની ચૂક્યા છે અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૩૦ નવા મોડલ ફાર્મ બનાવવામાં આવશે. એક રીતે આ મોડેલ ફાર્મ પ્રાકૃતિક કૃષિના પ્રેરણા પરબ પણ બન્યાં છે. આ મોડલ ફાર્મમાં પ્રાકૃતિક ખેતીના આધાર સ્તંભોને અનુસરીને અને પ્રાકૃતિક કૃષિના આદર્શોને કેન્દ્રમાં રાખી પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. આમ, મોટી સંખ્યામાં ખેડૂતો આ મોડલ ફાર્મની મુલાકાત કરી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વિશે સમજ મેળવી પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રેરિત થઈ રહ્યા છે. આ સંદર્ભે જૂનાગઢ જિલ્લા આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર દીપક રાઠોડ કહે છે કે, જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે સતત જુદાં-જુદાં સ્તરેપ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પ્રત્યક્ષ લાભોની જાણકારી મળી રહે અને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રેરણા મળે તે માટે જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના આ મોડલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવે છે. આ દરમિયાન પ્રાકૃતિક કૃષિ વિશેના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિને લગતા પ્રશ્નો કે પદ્ધતિ અપનાવાવ પૂર્વે મૂંઝવતા પ્રશ્નોનું પણ સમાધાન મળે છે. જૂનાગઢ જિલ્લામાં પણ પ્રાકૃતિક કૃષિની મુહિમ ખૂબ તેજીથી આગળવધી રહી છે અને હજારો ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિના મીઠાં ફળ ચાખ્યાં છે. મોડલ ફાર્મનો દરજ્જો પ્રાકૃતિક કૃષિના આધાર સ્તંભ છે તેવા જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, બીજામૃત, મિશ્ર પાક પદ્ધતિ વગેરે માપદંડો પર ખરાં ઉતરે છે, ઉપરાંત પ્રાકૃતિક કૃષિ ગાય આધારિત ખેતી હોવાથી ખેડૂતો ગાયોનું પાલન પોષણ કરી શકે છે. એટલે કે, જે ખેડૂતો ગાય રાખતા હોય અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના તમામ આયામોનો ઉપયોગ કરીને ખેતી કરતા હોય તેમના ફાર્મને મોડેલફાર્મ જાહેર કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા અને જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન પ્રાકૃતિક કૃષિનેપ્રોત્સાહન આપવા માટે જરુરી માર્ગદર્શન આપવાની સાથે સમયાંતરે સમીક્ષા પણ કરે છે. આમ, જિલ્લા પ્રાકૃતિક ખેતી માટે સાનુકૂળ પરિબળો છે, તેમ શ્રીદીપક રાઠોડે ઉમેર્યુ હતુ. ગુજરાત સરકાર પ્રાકૃતિક ખેતીના મોડલ ફાર્મ વિકસાવવા માટે ખેડૂતોને રૂા.૧૩,૫૦૦ની સહાય પણ આપવામાં આવી રહી છે, જૂનાગઢ જિલ્લામાં ૯૫ ખેડૂતોને મોડલ ફાર્મ બનાવવા માટે કુલ રૂપિયા ૧૧.૪૬ લાખથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. આ સહાય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ઘન જીવામૃત બનાવવા માટે પાકું સ્ટ્રક્ચર બેરલ ડોલ વગેરે ખરીદવા માટે આપવામાં આવે છે. ઉપરાંત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને આત્મા પ્રોજેકટની ટીમદ્વારા સતત જરુરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે, તેમ શ્રી દીપક રાઠોડે જણાવ્યુ હતુ. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિની મુહિમને આગળ વધારવા માટે ટીમ આત્મા સતત ખેડૂતો વચ્ચે જઈ જહેમત ઉઠાવી રહી છે.

## અખિલ ભારતીય શિક્ષા સપ્તાહ ઉજવણી અંતર્ગત

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર જોષીપુરા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો








જૂનાગઢ, તા.૨૬

સંસ્કૃતિ એ વિશ્વની અનેક પ્રાચીન સંસ્કૃતિઓનું સંયોજન છે. વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. સૌથી પ્રાચીન એવી ભારતીય સંસ્કૃતિ સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિકક્ષેત્રે વૈશ્વિક સમુદાયને હજ્જરો વર્ષોથી પ્રેરણા પૂરી પાડી રહી છે. ભારત સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ નવી શિક્ષણ નીતિમાં અભ્યાસની સાથે સાથે અધ્યાત્મ, કલા, નૃત્ય, સંગીત, કૌશલ્ય, ભાષા, પોશાક, પરંપરા, રીત રિવાજ, સ્થાપત્ય આધારિત સહઅભ્યાસિક પ્રવૃતિઓ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ (NEP-૨૦૨૦)ના ચાર વર્ષ પૂર્ણ થવાના અવસરે તા.૨૨-૦૭-૨૦૨૪ થી તા.૨૮-૦૭-૨૦૨૪ સુધી શિક્ષા સપ્તાહ ઉજવણી અંતર્ગત માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૨૫-૦૭-૨૦૨૪ ને ગુરૂવારના રોજ આયોજિત ''સાંસ્કૃતિક કાર્યક્રમ'' માં ગીતા શ્લોક, ગણપતિ પૂજન, રાખડી સ્પર્ધા અને એકપાત્રિય અભિનય જેવી વિવિધ સ્પર્ધામાં બહોળી સંખ્યામાં શાળાની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ હતો. શાળાના શિક્ષકો સુશ્રી નયનાબેન મોરી, સુશ્રી મનીષાબેન જાગાણી અને સુશ્રી વિમલબેન બોરડના માર્ગદર્શન હેઠળ જુદી-જુદી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલ રીંકલ એસ.વાગડિયા, ક્રિષ્ના ડી.પરમાર અને ઉન્નતિ ડી.ચુડાસમા ઉપરાંત દ્વિતીય અને તૃતીય ક્રમાંકે વિજેતા થયેલ વિદ્યાર્થિનીઓને પણ પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ તકે શાળાના પ્રિન્સિપાલ સુશ્રી જયશ્રીબેન રંગોલિયા, સુપરવાઈઝરો સુશ્રી પ્રભાબેન બુટાણી અને સુશ્રી અલ્પાબેન ડાંગરે ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને બિરદાવી હતી.

# આમ આદમી પાર્ટી દ્વારા ભાણવડના રોડ રસ્તા બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યુ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૬

ભાણવડ નગર પાલિકાની હદમાં વૈરાડ નાકાથી નગરપાલિકા કચેરી સુધી તથા નગરપાલિકા કચેરીથી સ્ટેશન રોડ તરફ જતા એમ. વી. ઘેલાણી હાઈસ્કુલ સુધી બિસ્માર હાલતમાં પડેલ રોડ તે રીપેરીંગ કરવા બાબત આવેદન પત્ર આપવામાં આવ્યું. દેવભૂમિ દ્વારકા જીલ્લાના ભાણવડ શહેરમાં નગરપાલિકાની હદમાં વેરાડ નાકાથી નગર પાલિકા કચેરી સુધી રોડ તેમજ નકટી નદીના રોડની સફેટી દીવાલ છેલા ૧ વર્ષ જેવા સમયથી પડેલ છે તથા નગર પાલિકા કચેરી થી સ્ટેશન રોડ તરફ જતા એમ. વી. ઘેલાણી હાઈસ્કુલ સુધીનો રોડ ઘણા સમયથી બિસ્માર હાલતમાં હતો જ એવામાં ચોમાસામાં વરસાદ થતાં રોડ ઉપર ઠેકઠેકાણે મોટા ખાડાઓ પડી ગયેલ છે. જેને કારણે વાહન ચાલકોને અને રાહદારીઓને ખુબ જ મુશ્કેલી પડી રહી છે. રોડ ઉપરના ખાડાઓને કારણે વાહનોને નુકશાન પહોંચી રહ્યું છે. સદનસીબે હજુ સુધી કોઈ જીવલેણ અકસ્માત થયો નથી પરંતુ વાહનોના અકસ્માતનો ભય તોળાય રહ્યો છે તેથી સત્વરે રોડ પર પડેલા ખાડાઓનુ રીપેરીંગ ડામ ર પાથરવુ જરૂરી છે., ઉપરોક્ત રોડ ભાણવડ બાયપાસ રોડ હોય. આ રોડ પર સારા એવા પ્રમાણમાં કાયમી ધોરણે વાહન વ્યવહાર ચાલુ રહેતો હોય, ત્યારે રોડનું કામ સત્વરે કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

# મગફળીમાં સફેદ ઘૈણ(મુંડા)નું સંકલિત વ્યવસ્થાપન અંગે ખેડુતોને કાળજી લેવા અનુરોધ

જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ જિલ્લામાં મગફળીમાં સફેદ ઘૈણ(મુંડા)નું સંકલિત વ્યવસ્થાપન કરવા અંગે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ પગલાઓ ભરવા અનુરોધ કર્યો છે. જિલ્લામાં મગફળીનું વાવેતર થયું હોય તે ખેતરમાં સંકલિત જીવાત નિયંત્રણ માટે યોગ્ય પગલાઓ લેવા અનિવાર્ય છે, આ માટે કાળજી લેવાની રહે છે.

ઘૈણના ઢાલિયા કીટકો પ્રકાશ તરફ આકર્ષાતા હોવાથી રાત્રિ દરમ્યાન પ્રકાશ પિંજર ગોઠવી આકર્ષાયેલા ઢાલિયા ભેગા કરી તેનો નાશ કરવો. મગફળીના ઊભા પાકમાં મુંડાના અસરકારક નિયંત્રણ માટે ઉગાવાના ૩૦ દિવસ બાદ બ્યુવેરિયા બાસિયાના અથવા મેટારિઝીયમ એનિસોપ્લી ડ્રેન્ચિંગ દ્વારા ૫.૦ કિ.ગ્રા./હેકટર પ્રમાણે જમીનામાં આપવું. સફેદ ઘૈણ (મુંડા) નો ઉપદ્રવ ઓછો હોય ત્યારે કલોરપાયરિફોસ ૨૦ ઈ.સી. ૪૦ થી ૫૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી પંપની નોઝલ કાઢી મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે રેડવાથી નિયંત્રણ મેળવી શકાય છે. ઉભા પાકમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો કલોરપાયરીફોસ ૨૦ઈ.સી. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈ.સી. હેકટરે ૪ લીટર પ્રમાણે પિયત પાણી સાથે આપવાથી સારુ નિયંત્રણ મળે છે. ચોમાસામાં મગફળીમાં પિયત ન ૨૦૨૪ (ગુરૂવાર) જૂનાગઢ જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી અવિરત વરસાદ હોવાને કારણે અનેક જગ્યાએ પાણી ભરાવા, કાદવ કીચડની સમસ્યાઓ, મચ્છરજન્ય રોગનોઆપવાનું હોય ત્યારે આ જીવાતોના નિયંત્રણ કરવા માટે કલોરપાયરિફોસ ૪લીટર દવા ૫લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો ઝીણી રેતીમાં ભેળવી ત્યાર બાદ રેતી સૂકવી, આ રેતી એક હેકટર વિસ્તારમાં છોડના થડપાસે પુંખવી. ત્યારબાદ જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવું. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલા લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલા ડોઝ અને જે તે રોગ-જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી,ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ),નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવા જૂનાગઢ જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## વધુ એક ઓપરેશન ‘સર્પ વિનાશ’ની જરૂર

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરોધી અને ઘૂસણખોરી વિરોધી અભિયાનોના હાલના ઈતિહાસથી ખબર પડે છે કે પાકિસ્તાનમાં રાજકીય ઉથલપાથલ છતાં આતંકવાદી નેટવર્ક ફેલાઈ રહ્યું છે. આ નેટવર્ક ત્યારે સતત પીરપંજાલના દિક્ષણમાં ‘આસાન સ્થળો’ની શોધ કરે છે, જ્યારે ઉત્તર કાશ્મીરમાં તેમના અભિયાન પર દબાણ અનુભવાતું લાગે. એટલે કે ઉત્તરમાં દબાણ વધે તો આતંકીઓનું નેટવર્ક દિક્ષણમાં જમીન શોધવા લાગે છે. ડોડા ક્ષેત્રમાં આતંકી અથડામણોની હાલની ઘટનાઓ ૨૦૦૩ની યાદ દેવડાવે છે, જ્યારે જનરલ એનસી વિજ સેના પ્રમુખ હતા અને લે.જનરલ રુસ્તમ નાણાવટીના નેતૃત્વમાં ઉત્તર કમાનના પુંછ ક્ષેત્રના સુરનકોટ શહેરની આસપાસ હિલકાકાના આતંકવાદ પ્રભાવિત પહાડી વિસ્તારોને ખાલી કરવા માટે ઓપરેશન ‘સર્પ વિનાશ’ શરૂ કરવામાં આવ્યું હતું.

પીરપંજાલના દિક્ષણી અને દિક્ષણ-પૂર્વ ઢાળ પર ગાઢ જંગલોથી ઘેરાયેલ વિસ્તાર. પશ્ચિમમાં રિજલાઈન. દિક્ષણમાં સુરન નદીથી ઘેરાયેલો વિસ્તાર. આ વિસ્તાર અસંખ્ય ચોટીઓ અને નાળાંથી ઉબડખાબડ છે. ગરમીમાં તે આસપાસના ગામડાં અને તેનાથી આગળવા વિસ્તારોના બકરવાલો અને ગુજ્જરોની પ્રવાસી આબાદીનું ઘર બની જાયછે, જેઓ આ ક્ષેત્રમાં પોતાનાં પશુઓ ચરાવવા આવે છે. શિયાળામાં આ વિસ્તાર સ્થાનિક લોકોથી સંપૂર્ણ ખાલી રહેતો હતો. આ વિસ્તાર જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી સમૂહો માટે એક આશ્રય સ્થળ બની ગયો હતો. લશ્કર, જૈશ અને અલ-બદ્રના આતંકીઓ આ વિસ્તારમાં ખુદને એટલા બેખોફ અનુભવતા હતા કે સ્થાનિક લોકો સાથે તેઓ ક્રિકેટ પણ રમી લેતા! લગભગ ૩ વર્ષ સુધી, સુરનકોટ ક્ષેત્ર પીરપંજાલના દિક્ષણમાં આતંકવાદીઓ માટે એક આશ્રય સ્થળ બની રહ્યું. ત્યારે જ રાષ્ટ્રીય રાઈફલ્સની રોમિયો ટીમે ૨૦૦૩ની શરૂઆતમાં સુરનકોટના ઉત્તરમાં હિલકાકા ક્ષેત્રને ‘સાફ, સુરિક્ષત અને નિયંત્રિત’ કરવા માટે અંતિમ પ્રયાસ આદર્યો.

ઓક્ટોબર ૨૦૦૨માં ઓપરેશન પરાક્રમની સમાપ્તિ પર, નાણાવટીએ નિર્ણય કર્યો કે સુનરકોટ અને હિલકાકાને સુરિક્ષત કરવા માટે એક ઓપરેશન જરૂરી છે. તેને ૨૦૦૨-૦૩ના શિયાળા બાદ જ કરી શકાય તેમ હતું. એક સંદર્ભ એ હતો કે ગરમીમાં એ વિસ્તારમાં પોતાનાં પશુઓ સાથે આખી સિઝન માટે પ્રવાસ કરનારા નાગરિકોને રોકવાના હતા. તત્કાલીન મુખ્યમંત્રીએ આ પ્રસ્તાવને ગાંડપણ ગણાવ્યું, પરંતુ તેમણે સામે એ ઓફર મૂકી કે જ્યાં સુધી સહમતિ નહીં હોય, ત્યાં સુધી કોઈ ઓપરેશન નહીં થાય.

ઓપરેશન સર્પ વિનાશનું કામ ૧૬મી કોરને સોંપવામાં આવ્યું, જેમણે તેને મેજરલ જનરલ એચ.એસ. લિદ્દરની કમાન અંતર્ગત કાઉન્ટર ઈનસર્જન્સી ફોર્સ (રોમિયો)ને સોંપી દીધું. લિદ્દરે શ્રીલંકામાં ઓપરેશન પવનમાં સીઓ ૯ પેરા (સીડીઓ) રૂપે કામ કર્યું હતું. તે ઉપરાંત તે રાજોરી-મેંઢર-પુંછ સેક્ટરમાં વિસ્તારો અને આતંકવાદી ગતિવિધિ વિશે સારી રીતે જાણતા હતા. ઓપરેશનના શરૂઆતી બ્રીફિંગમાં એ નાણાવટી માટે સ્પષ્ટ થઈ ગયું કે આ કામ સામાન્ય રૂપે આરઆર એકમો અને વિશેષ રૂપે આરઆર સેક્ટરની

ક્ષમતાઓથી પર હતું, કારણ કે તેનું હાલનું પરિચાલન પ્રતિબદ્ધતાઓ અને કામની પ્રકૃતિ બંને અલગ હતી. તેથી, નાણાવટીએ નિર્દેશ આપ્યા કે ૧૬ કોરની ૧૬૩ ઈન્ફન્ટ્રી બ્રિગેડને ક્ષેત્રને ‘સાફ અને સુરિક્ષત’ કરવા માટે સીઆઈએફ(આર)ને ફાળવવામાં આવે. તારીખ નક્કી કરવામાં આવી ૧ મે, ૨૦૦૩.

લિદ્દરે પોતાના કામને વ્યવસ્થિત રીતે શરૂ કર્યું. ભારતીય વાયુસેનાની મદદથી હેલિપેડ બનાવવામાં આવ્યું. સપ્લાય પોઈન્ટ્સ માટે પરિચાલન ટ્રેક બનાવવામાં આવ્યા. ફાળવવામાં આવેલ પાયદળ સેનાની રચના માટે કાર્ય-પ્રશિક્ષણ સુનિશ્ચિત કરવામાં આવ્યું. ૯ પેરા (સીડીઓ)ની એક ટીમ દ્વારા ગુપ્ત બાતમી એકઠી કરવામાં આવી, જે ક્ષેત્રમાં કામ કરી રહી હતી અને કેટલીય સફળતાઓ મેળવી હતી. યોજના સરળ હતી. પેરા (સીડીઓ) ગાઈડનો ઉપયોગ કરનારી પગપાળા સેનાની ટુકડીઓ ત્રણ અલગ-અલગ દિશાઓથી અંધારાની આડમાં પોતાના નિર્ધારિત ક્ષેત્રોમાં ઘૂસણખોરી કરશે, ઠેકાણાંને સુરિક્ષત કરશે અને તેમના પર કબ્જો કરશે અને પછી પોતાના નિર્ધારિત જવાબદારી વાળા ક્ષેત્રોમાં તલાશી અને વિનાશ અભિયાન શરૂ કરશે. લિદ્દરે કાશ્મીર ઘાટી ક્ષેત્રમાં પીરપંજાલની પાર ભાગવાની કોશિશ કરનારા આતંકવાદીઓનો ખાતમો કરવાની વ્યવસ્થા પણ કરી. તેના માટે મુખ્યાલય ૧૫ કોરને પણ સતત સંપર્કમાં રાખવામાં આવી.

લિદ્દર યાદ કરે છે કે ઓપરેશન એક અઠવાડિયા પહેલાં શરૂ કરવામાં આવ્યું હતું અને ૧ મે, ૨૦૦૩ના રોજ પૂરું થઈ ગયું. સંસદમાં એક પ્રશ્નનો જવાબ આપતાં તત્કાલીન રક્ષા મંત્રી જ્યોર્જ ફર્નાન્ડીઝે એમ કહેતાં સચ્ચાઈ રજૂ કરી, ‘ઓપરેશન સર્પ વિનાશમાં, માર્ચ ૨૦૦૩ના અંતિમ અઠવાડિયામાં એનસી દ્વારા સૈનિકોને મોકલવામાં આવ્યા હતા અને હિલકાકામાં ઓપરેશન ૨૧ એપ્રિલ, ૨૦૦૩ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. ઓપરેશન દરમ્યાન ૬૫ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા અને ત્રણની ધરપકડ કરવામાં આવી. ૧૧૯૦ ઠેકાણાંનો ભાંડાફોડ કરવામાં આવ્યો અને ૭૯ મુખ્ય હથિયાર અને મોટી માત્રામાં યુદ્ધસંબંધી સામાન બરામદ કરવામાં આવ્યા. ઓપરેશન દરમ્યાન, ૫ સૈન્યકર્મીઓએ સર્વોચ્ચ બલિદાન આપ્યું અને ૫ ઘાયલ થયા.

આજે વીસ વર્ષ બાદ, જોકે ઘૂસણખોરીની ભયાવહતા અને ક્ષેત્રમાં આતંકવાદીઓની સંખ્યા સમાન તો ન હોઈ શકે, પરંતુ રક્ષા પ્રતિષ્ઠાન યુદ્ધ ક્ષેત્રમાં પોતાની ચોકસાઈમાં ઢીલ ન દાખવી શકે. જમ્મુ ક્ષેત્રમાં આતંકવાદી ગતિવિધિઓમાં વધારા બાદ હવે એ સમયની માંગ છે કે ૨૦૦૩ની જેમ જ એક ઓપરેશન ચલાવવામાં આવે. એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે હતાશ પાકિસ્તાન જમ્મુ-કાશ્મીરમાં શાંતિને પાટા પરથી ઉતારી ન શકે.

# સોમનાથ ટ્રસ્ટના નિર્ણય સામે યોજાયું પ્રભાસ-પાટણ સોમપુરા બ્રાહ્મણ સમાજનું આંદોલન

**પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશનમાં થયું સુખદ સમાધાન : આંદોલન શરૂ થતા જ પ્રભાસ-પાટણ પોલીસે ૧૦૫થી વધુ ભુદેવો અને ભુદેવ મહિલાઓની કરી અટકાયત : દિવસભર પોલીસ સ્ટેશનમાં ભુદેવ ભાઈ-બહેનોએ પવિત્ર મંત્રોચ્ચાર, શ્લોકો, રામધૂન, ઓમ નમઃ શિવાયની ધૂન બોલાવી દિવ્ય વાતાવરણમાં આંદોલન ચાલું રાખેલ**





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૬

સુપ્રસિધ્ધ સોમનાથ મંદિર ટ્રસ્ટ પ્રતિમાસ ગણેશ ચોથે વિશેષ પૂજન કાર્યક્રમ રાખેલ છે. જેમાં પ્રભાસની બહારની રાજયની સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ સામેલ કરાય છે.

જેને કારણે પ્રભાસ-પાટણ સોમપુરા બ્રાહ્મણ સમાજના અસ્તિત્વ અને મુળભુત હક્ક જે શાસ્ત્રોથી બક્ષાયેલ છે તેને હાની પહોંચે છે. જેના અનુસંધાને આ અગાઉ આંદોલન કરેલ છતાં કંઈ પરિણામ મળેલ ન હતું. જેથી તા.૨૪-૭-૨૪ના રોજ સવારે લક્ષ્મીનારાયણ મંદિર ચોક સોમનાથ મંદિર સામે ખાસ મંડપ બાંધી સોમપુરા બ્રાહ્મણ સમાજના ૫૦૦થી વધુ ભાઈઓ-બહેનો આમરણાંત ઉપવાસ ઉપર ઉતરી ગયેલ જે હકિકતની જાણ પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશનને થતા તેમણે ૧૦૫થી વધુ વ્યકિતઓની અટક કરી પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ હતા. જયાં તમામ ભુદેવોએ પવિત્ર મંત્રોચ્ચાર, શ્લોકો, રામધૂન, ઓમ નમઃ શિવાયની ધૂન અને શિવભજનો તથા સુત્રોચ્ચાર કરેલ હતા. બનાવની ખબર પડતા જ સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા, કોંગ્રેસ અગ્રણી હિરા જોટવા, ભાજપ અગ્રણી ઝવેરી ઠકરાર, દિલીપ બારડ, જૂનાગઢ-વેરાવળ બ્રહ્મ સમાજ અગ્રણીઓ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને સાથ સહકારની ખાત્રી સાથે સમર્થન આપ્યું હતું. સાંજે છ વાગ્યે પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશનમાં સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમાર, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, એલસીબી પોલીસ ઈન્સ. એ.બી. જાડેજા, પ્રભાસ-પાટણ ઈન્સ. એમ.વી. પટેલની ઉપસ્થિતિ સાથે ખાસ મિટીંગ યોજાઈ હતી. જેમાં ટ્રસ્ટ તરફથી લેખિત ખાત્રી આપવામાં આવી કે, બહારના બ્રાહ્મણોને હવે ગણપતિ યજ્ઞમાં બોલાવાશે નહી અને આ નિર્ણય સ્થગિત આજથી કરાશે. અન્ય માંગણીઓ અંગે ટ્રસ્ટની બેઠક જયારે મળશે ત્યારે તેમાં તે રજુ કરી નિર્ણય અપાશે. આ આંદોલનથી પોલીસ સ્ટેશન ભરચક્ક થયેલ અને પોલીસ સ્ટેશન પણ અટકાયત સંખ્યા વધતા સાંકડું બનેલ અને એક મહિલા બેભાન થઈ જતા તેને ૧૦૮ મારફત દવાખાને ખસેડવામાં આવેલ. સોમપુરા બ્રાહ્મણ સમાજના પ્રમુખ હેમલ ભટ્ટે સૌનો તથા પોલીસ તંત્રનો આભાર માનેલ અને સૌને પારણા કરાવી અમારણાંત ઉપવાસ પૂર્ણ કરાવેલ હતું.

## કેન્દ્રીય બજેટને આવકારતા દેવભૂમિ દ્વારકા જિલ્લાના આગેવાનો તથા હોદ્દેદારો

### આ બજેટ લોકોની સુખાકારીમાં વધારો કરી, દેશને સિદ્ધિના શિખર સુધી લઈ જશે તેવો મત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

દેશના નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા મંગળવારે રજૂ કરવામાં આવેલા કેન્દ્રીય બજેટને ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લાના હોદ્દેદારો તેમજ કાર્યકરોએ આવકારી, અને આ બજેટને વિકાસલક્ષી તેમજ આમ જનતા માટે ફાયદા રૂપ ગણાવ્યું છે. સતત સાતમી વખત બજેટ પેશ કરી અને દેશમાં અનોખો વિક્રમ સર્જનારા નિષ્ણાત અર્થશાસ્ત્રી અને નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા મંગળવારે દેશની જનતા સમક્ષ રજૂ કરવામાં આવેલા સામાન્ય બજેટમાં સામાન્ય જનતા માટે ટેકસમાં રાહત, ખેડૂતો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ, શિક્ષણ તેમજ ઉદ્યોગ ધંધા માટેના આકર્ષક પગલાંઓ સાથે રોજગારીના સર્જનની વિપુલ તકો પણ દર્શાવવામાં આવી છે. આ બજેટથી સામાન્ય લોકોની બચતમાં વધારો થવા ઉપરાંત બેરોજગારીમાં ઘટાડો અને વેપારીઓને વિવિધ પ્રકારના ફાયદાઓ થનાર છે. આટલું જ નહીં, આ બજેટથી હિન્દુસ્તાનને વિશ્વના ત્રીજા નંબરના અર્થતંત્ર તેમજ આગામી દાયકાઓમાં મહાસત્તા બનવા તરફ પ્રયાણ કરતું આ મહત્વનું પગલું હોવાનો સુર ખંભાળિયા સહિત જિલ્લાના હોદ્દેદારો અને આગેવાનોએ વ્યક્ત કર્યો છે. આ અંગે દેવભૂમિ દ્વારકા જામનગરના સાંસદ પૂનમબેન માડમ, ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, ખંભાળિયા શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, જિલ્લા પંચાયતના પી.એસ. જાડેજા, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર, જિલ્લા મહામંત્રી યુવરાજસિંહ વાઢેર, રસિકભાઈ નકુમ, ભરતભાઈ ગોજીયા, શહેર મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, પિયુષભાઈ કણજારીયા, ડો. અમિતભાઈ નકુમ, દિનેશભાઈ દતાણી, રાજુભાઈ ભરવાડ, મહિલા અગ્રણી નિમિષાબેન નકુમ, જેમીનીબેન મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયા, વિગેરે આ બજેટને આવકારી, ઉજવળ ભવિષ્યનો દ્રઢ આશાવાદ વ્યક્ત કર્યો છે.

## ખંભાળિયામાં જર્જરીત ઈમારત ધરાવતા આસામીઓને નગરપાલિકાની આખરી નોટિસ

### સ્વૈચ્છિક રીતે ખખડધજ ઈમારત દૂર કરવાની કાર્યવાહીનો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયા શહેરમાં મંગળવારે સાંજે એક આસામીનું આશરે એક સદીથી વધુ સમય જૂનું અને જર્જરીત મકાન જમીન દોસ્ત થઈ જતા આ મકાનમાં રહેતા એક પરિવારના દાદી તેમજ તેમની બે પૌત્રીઓના અકાળે મૃત્યુ નિપજયાના ચકચારી અને કરૂણ બનાવ વચ્ચે નગરપાલિકા તંત્ર દ્વારા બુધવારે જુદા જુદા વિસ્તારોમાં આવા જૂના બાંધકામ ધરાવતા આસામીઓને કડક અલ્ટીમેટમ પાઠવીને સમય મર્યાદામાં પોતાનું મકાન તોડી પાડવા અંગેની નોટિસો આપવામાં આવી હતી. શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલા જૂના અને જોખમી એવા આશરે નવ જેટલા નાના-મોટા મકાનના માલિકોને નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતકુમાર વ્યાસ દ્વારા લેખિત નોટિસ ઈસ્યુ કરી અને સમય મર્યાદામાં આવા બાંધકામ સ્વૈચ્છિક રીતે દૂર કરવામાં આવે તેવો હુકમ કરવામાં આવતા અહીંના ગગવાણી ફળી સહિતના વિસ્તારમાં જે-તે આસામીઓએ પોતાના મકાનના જર્જરીત ભાગોને સ્વૈચ્છિક રીતે હટાવવાની કામગીરી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ નગરપાલિકા દ્વારા આ પ્રકારની નોટિસો ફટકારાયા છતાં પણ અનેક આસામીઓએ તેઓના જોખમી બાંધકામ હટાવ્યા નથી. વધુમાં જાણવા મળતી વિગત મુજબ નગરપાલિકા તંત્ર દ્વારા આગામી દિવસોમાં આવા જોખમી બાંધકામ સંદર્ભે કડક પગલાં હાથ ધરવામાં આવશે. જેમાં પાલિકા દ્વારા જે-તે આસામીઓના ખર્ચે તેઓના આવા બાંધકામો તોડી પાડવાની કામગીરી કરવામાં આવશે.

## ખંભાળિયાની બદિયાણી હોસ્પિટલમાં રવિવારે નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયા નજીક જામનગર હાઈવે માર્ગ ઉપર આવેલી માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદિયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તારીખ ૨૮ મી ના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિનામૂલ્યે નેત્ર નિદાન, સારવાર, દવા વિતરણ તેમજ શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટની જાણીતી શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલના ઉપક્રમે યોજવામાં આવેલા આ નેત્ર કેમ્પમાં આ હોસ્પિટલના ડોકટરો તેમજ ટેકનીશીયનો તેઓની સેવાઓ આપી, દર્દીઓની સારવાર કરશે. ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન કરી, નેત્રમણી પણ મૂકી આપવામાં આવશે. સર્વરોગ નિદાન કેમ્પમાં અહીંના નિષ્ણાંત તબીબ ડો. નિલેશભાઈ રાયઠઠ્ઠા દર્દીઓને તપાસી, તેઓની સારવાર કરશે. આ કેમ્પનો મહત્તમ લાભ લેવા ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના દર્દીઓને સંસ્થાના પ્રમુખ ધીરેનભાઈ બદિયાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વિનમ્રતા, જીજ્ઞાસા અને સેવાથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

- ગીતાજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ વદ-૬ પંચક તા.૨૬ જુલાઈ ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૧૯, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, સુકર્મા યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૨૦, સૂ.અ.૭:૩૫


આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ધીરજના ફળ મીઠા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
વૃષભ:પ્રતિકૂળતા દૂર થાય. મનની મુરાદ બર આવે.
મિથુન:આરોગ્ય બાબતે સંભાળવું. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
કર્ક: વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે. સ્વમાન ભંગના યોગ છે.
સિંહ: માનસિક ચિંતા દૂર થાય. પ્રવાસની મજા માણી શકો.
કન્યા: જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. આવક કરતા જાવક રહે.
તુલા: મહેનતનું શુભ ફળ મળે. માનસિક આનંદમાં વધારો થાય.
વૃશ્ચિક:અગત્યના કાર્યમાં સફળતા મળે. લાભની આશા ફળે.
ધન: મકાન-વાહન વગેરેથી લાભ થાય. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: લાભની તક સાંપડે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કુંભ: ચિંતાનો ઉકેલ મળે. અગત્યના કાર્યમાં પ્રગતિ થાય.
મીન: આનંદ-પ્રમોદમાં દિવસ વિતે. મનની મનોકામના પૂર્ણ થાય.

## દેવભૂમિમાં ભારે વરસાદના કારણે થયેલી નુકસાની સંદર્ભે સર્વે તેમજ સહાય માટે માંગ : જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા એકાદ સપ્તાહ દરમ્યાન જુદા જુદા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસતા વિકટ પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ખાસ કરીને દ્વારકા તેમજ કલ્યાણપુર તાલુકામાં વરસી ગયેલા અતિભારે વરસાદથી જુદા જુદા વિસ્તારોમાં ખેતરોનું વ્યાપક ધોવાણ તથા ખેડૂતોના ખેતરોમાં ઉભા પાકને વ્યાપક નુકસાની થવા પામી છે. આટલું જ નહીં, માલધારીઓના પશુધનને પણ નુકસાની થવા ઉપરાંત લોકોના ઘરોમાં, દુકાનોમાં તેમજ ધંધાકીય સ્થાનોમાં વરસાદી પાણીએ વ્યાપક તારાજી સર્જી છે. આ મુદ્દે દેવભૂમિ દ્વારકા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યાસીનભાઈ ગજ્જને રાજ્યના મુખ્યમંત્રીને એક લેખિત પત્ર પાઠવી અને આ વિસ્તારમાં તાત્કાલિક ધોરણે વહીવટી તંત્ર દ્વારા સર્વે કરવામાં આવે અને નુકસાનીગ્રસ્ત લોકોને તાત્કાલિક યોગ્ય સહાય ચૂકવવામાં આવે તે માટેની માંગ કરી છે.

## ખંભાળિયા પાસે આવેલો ઘી ડેમ ઓવરફ્લો થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ

(પ્રતિનિધિ દ્વારા)

ખંભાળિયા, તા.૨૬

ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજા ધૂંઆધાર બેટિંગ કરી છે. જેના પગલે મોટાભાગના જળાશયોમાં પાણીની આવક થઈ છે. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા પાસે આવેલો ઘી ડેમમાં પાણીની આવક થતા ઓવરફ્લો થયો છે.

ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજા ધૂંઆધાર બેટિંગ કરી છે. જેના પગલે મોટાભાગના જળાશયોમાં પાણીની આવક થઈ છે. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા પાસે આવેલો ઘી ડેમમાં પાણીની આવક થતા ઓવરફ્લો થયો છે.

ખંભાળિયા તેમજ ઉપરવાસમાં સતત વરસાદના કારણે ઘી ડેમ છલકાયો છે. ઘી ડેમ ખંભાળિયા શહેરને પીવાનું પાણી પુરુ પાડે છે. પીવાના તેમજ સિંચાઈના પાણી માટે ખંભાળિયા તેમજ આસપાસના વિસ્તારો માટે આશીર્વાદ રૂપ છે. ડેમ ઓવરફ્લો થતા ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

## ખંભાળિયાનો શખ્સ જામગરી બંદૂક સાથે ઝડપાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન હેડ કોન્સ્ટેબલ હેમતભાઈ નંદાણીયા તથા કાનાભાઈ લુણાને મળેલી ચોક્કસ બાતમીના આધારે તાલુકાના પીર લાખાસર ગામે રહેતા આમીન સુલેમાન અભુવારા નામના ૩૫ વર્ષના શખ્સને પાસ પરવાના વગરની રૂા.૧,૦૦૦ ની કિંમતની ગેરકાયદેસર જામગરી બંદૂક સાથે ઝડપી લઈ, તેની સામે ગુનો નોંધ્યો હતો.

આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. બી.જે. સરવૈયા, હેમતભાઈ નંદાણીયા, સામતભાઈ ગઢવી, દિવ્યરાજસિંહ જાડેજા, યોગરાજસિંહ ઝાલા તથા કાનાભાઈ લુણા દ્વારા કરવામાં આવી હતી.

# જૂનાગઢની જનતાને દરરોજ એક કલાક પુરા ફોર્સથી પાણી વિતરણ કરવા માંગ

## જૂનાગઢના સામાજીક કાર્યકર સુભાષ એમ. પ્રજાપતિએ કમિશ્નરને પાઠવ્યો પત્ર

જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢના જાગૃત નાગરીક અને સામાજીક કાર્યકર સુભાષ એમ. પ્રજાપતિએ મનપાના કમિશ્નરને એક લેખિત પત્ર પાઠવી જૂનાગઢ શહેરની જનતાને દરરોજ એક કલાક પુરા ફોર્સથી પાણીનું વિતરણ કરવા માંગણી કરી છે.

કમિશ્નરને પાઠવેલા પત્રમાં જણાવેલ છે કે, જૂનાગઢ શહેર અને આસપાસના વિસ્તારોમાં મેઘરાજાએ મહેર કરી દીધી છે. લગભગ ૫૦ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો છે. અને હાલ પણ અવિરત વરસાદ ચાલુ હોય ચોમાસાને પણ હજુ એક મહિનો બાકી છે અને જૂનાગઢના તમામ જળાશયો છલકાય ગયા છે. આણંદપુર ડેમમાં સવા વર્ષ, વિલીંગ્ડન ડેમમાં દોઢ વર્ષ અને હસ્નાપુર ડેમમાં બે વર્ષ ચાલે તેટલું પાણી સંગ્રહ છે. વિલીંગ્ડન ડેમની ૪૪ ફુટની ઉંચાઈ છે જેહાલ ડેડ વોટર બાદ કરતા ૩૪ ફુટ સુધીનું પાણી વિતરણ કરી શકાય. આણંદપુર ડેમ સતત ઓવરફલો થઈ રહયો છે તેની જળસંગ્રહ ક્ષમતા ૧૨ ફુટની છે જેમાંથી ડેડ વોટર બાદ કરતા ૧૦ ફુટ સુધીનું પાણી વિતરણ કરી શકાશે. હસ્નાપુર ડેમની જળસંગ્રહ ક્ષમતા ૩૩ ફુટની છે. જેમાં બે વર્ષ ચાલે તેટલું પાણી સંગ્રહ થઈ ગયેલ છે.

ઉપરોકત જળાશયોની સ્થિતી ધ્યાનો લેતા જૂનાગઢ વાસીઓને ત્રણ વર્ષ ચાલે તેટલું પાણી સંગ્રહ થઈ ગયું છે અને હજુ ચોમાસુ ચાલુ છે જેથી જૂનાગઢની પ્રજાને પુરા ફોર્સથી દરરોજ એક કલાક પાણી વિતરણ કરવામાં આવે તેવી માંગણી કરી છે.

### ગિર સોમનાથ જિલ્લાના

# સુત્રાપાડા નગરપાલિકાના સફાઈ કામદારો અને કર્મચારીઓને કીટ વિતરણ કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૬

ગઈકાલે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી સુત્રાપાડા તાલુકા ઈન્ડિયન રેડક્રોસ શાખાના પ્રમુખ અજયભાઈ બારડ દ્વારા સુત્રાપાડા નગરપાલિકાના ચીફ ઓફિસર ચેતનભાઈ બી. ડુડિયા અને ગીર સોમનાથ જિલ્લાના ભાજપ પાર્ટીના મહામંત્રી દિલીપભાઈ બારડના અધ્યક્ષસ્થાને સુત્રાપાડા નગરપાલિકાના તમામ સફાઈ કામદારો અને કર્મચારીઓને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગીર સોમનાથ જીલ્લાના ભાજપ પાર્ટીના મહામંત્રી દિલીપભાઈ બારડ, સુત્રાપાડા નગરપાલિકાના ચીફ ઓફિસર ચેતનભાઈ બી. ડુડિયા, વેરાવળ નગરપાલિકાના પ્રમુખ પ્રતિનિધિ જયદેવભાઈ, બાંધકામ સમિતિના ચેરમેન અંકુરભાઈ, વેરાવળ નગરપાલિકાના પ્રમુખ પ્રતિનિધિ જયદેવભાઈ, બાંધકામ સમિતિના ચેરમેન અંકુરભાઈ સુત્રાપાડા નગરપાલિકાના પ્રમુખ મનોહરસિંહ બારડ, ઉપપ્રમુખ નરેશભાઈ કામળીયા, ચેરમેન કૈલાશભાઈ, રમેશભાઈ વડાંગર, સુત્રાપાડા નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ જેસિંગભાઈ કામળીયા તથા તમામ સભ્યો અને આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# શ્રી કેશવ ક્રેડીટ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી, જૂનાગઢની ૨૭ મી વાર્ષિક સાધારણ સભા યોજાશે

જૂનાગઢ તા. ૨૬

શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢની ૨૭ મી વાર્ષિક સાધારણ સભાનું આગામી તા.૨૮-૭-૨૪ ને રવિવારે સાંજે ૪ કલાકે ડો.કેશવરાવ બલીરામ હેડગેવાર ભવન, જુનો ધોરાજી-વેરાવળ બાયપાસ રોડ, ખામધ્રોળ ચોકડી પાસે, જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે સભાના અધ્યક્ષસ્થાને ચેરમેન, કેશવ ક્રેડીટ, રમેશભાઈ સાવલીયા, મુખ્ય મહેમાન પદે ડોલરભાઈ કોટેચા, ચેરમેન ખેતીબેંક, અતિથી વિશેષ પદે ડો.ડી.પી. ચિખલીયા, ચેરમેન ગુજરાત હાઉસીંગ ફાઈનાન્સ બોર્ડ, કિરીટભાઈ પટેલ, ચેરમેન જેડીસીસી બેંક જૂનાગઢ, લક્ષ્મણભાઈ યાદવ, ચેરમેન, જૂનાગઢ જીલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘ, ભાવેશભાઈ મેનપરા, ચેરમેન, જૂનાગઢ જીલ્લા સહકારી સંઘ, દિનેશભાઈ ખટારીયા, ચેરમેન સાવજ જૂનાગઢ દુધ ઉત્પાદક સંઘ, વિનોદભાઈ બરોચીયા, પ્રદેશ મહામંત્રી, સહકાર ભારતી ગુજરાત, જીવનભાઈ ગોલે, પ્રદેશ સંગઠન પ્રમુખ, સહકાર ભારતી ગુજરાત, જીતુભાઈ વ્યાસ, પુર્વ રાષ્ટ્રીય મહામંત્રી, સહકાર ભારતી વગેરે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત હરજીવનભાઈ ઢોલરીયા, વાઈસ ચેરમેન, નંદકિશોરભાઈ ગરાચ, વાઈસ ચેરમેન, નરેન્દ્રભાઈ ભુત, મેનેજીંગ ડીરેકટર તથા ચીમનભાઈ ડોબરીયા, મેનેજીંગ ડીરેકટર ઉપસ્થિત રહેશે.

કેશવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢની સ્થાપના રાષ્ટ્રીય સ્વયંમ્ સેવક સંઘના કાર્યકર્તાઓ દ્વારા ઓકટોબર ૧૯૯૭ માં 'લોક હિતમ્ મ્મ્ કરણીયમ્' એટલે કે લોકહિત એજ મારૂં કર્તવ્ય છે, એ ધ્યેય સુત્ર સાથે કરવામાં આવી હતી. આ સોસાયટીનો ત્રિઆયામી બીજમંત્ર છે 'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ, પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ અને ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ એટલે કે 'પરમ વૈભવમ્ નેતુમેતત્ સ્વરાષ્ટ્રમ્.' આ સોસાયટીનું કાર્યક્ષેત્ર ગુજરાતના ૨૪ જીલ્લાઓનું છે. વર્તમાનમાં ૧૨ જીલ્લાઓમાં ૨૩ શાખાઓ, ૫૦ હજારથી વધારે સભાસદો, કોર બેન્કીંગ સિસ્ટમ તથા ISO 9001-2015 સર્ટીફાઈડ, શૂન્ય એનપીએ ધરાવતી તથા સમગ્ર ભારતમાં રોલ મોડેલ તરીકે પ્રસ્થાપિત થયેલી ગુજરાતની એક માત્ર સોસાયટી છે. આગામી સમયમાં સોસાયટીને મલ્ટી-સ્ટેટ સોસાયટી બનાવીને અન્ય રાજયોમાં પણ શાખાઓ શરૂ કરવાની યોજના છે.

# માણાવદરની ગાયત્રી ગૌસેવા મંડળના યુવાનોએ રસલા ડેમમાંથી બળદનું રેસ્કયુ કર્યુ



માણાવદર તા. ૨૬

માણાવદર શહેરની સાચી સેવા કરતા ગાયત્રી ગૌસેવા યુવક મંડળ દ્વારા પશુઓની અનેરી સેવાનો ભેખ લીધો છે. અપંગ કે ઘાયલ થયેલ ગાયો કે પશુઓની કોઈ જાતની ખેવના વગર સેવા કરે છે. હમણા જ આવેલા ભારે પુરના પાણીમાં ગાયત્રી મંદિર વિસ્તારમાં અતિ ભારે પુરના તાણમાં પણ જાનના જોખમે અનેક લોકોની જીંદગી બચાવવા મોખરે રહયા હતા તેવુંજ આ યુવક મંડળે માનવ જીંદગી બચાવ્યા બાદ રસાલા ડેમમાં ભારે ઓવરફલો વચ્ચે એક બળદનું જાનના જોખમે રેસ્કયુ કરી બચાવી લીધો હતો. આમ માનવ જીંદગીની સાથે સાથે પશુ જીંદગી બચાવવાનું કામ પણ ગાયત્રી ગૌસેવા મંડળના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# દ્વારકા જીલ્લામાં ભારે વરસાદની સ્થિતિને પગલે વહીવટી તંત્ર દ્વારા રાહત બચાવ અને પુનઃસ્થાપનની સધન કામગીરી કરાઈ

## ૫૯ લોકોનું રેસ્ક્યુ, ૩૦૦ લોકોને સ્થળાંતરીત કરાયા, ૧૧ હજારથી વધુ ફુડ પેકેટનું વિતરણ કરાયું



જામ ખંભાળિયા, તા. ૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વરસી ગયેલા ભારે વરસાદની પરિસ્થિતિબા પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાહત બચાવ અને પુનઃસ્થાપનની કામગીરીના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં વિવિધ સ્થળોએથી કુલ ૫૯ લોકોનું પોલીસ, ફાયર અને એન.ડી.આર.એફ. તેમજ સ્થાનિક વહીવટી તંત્રની ટીમોના સહયોગથી રેસ્ક્યુ કરાયું હતું. ભારે વરસાદના પગલે અગમચેતીના પગલાંરૂપે નીચાણવાળા વિસ્તારોમાંથી કુલ ૩૦૩ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. વધુમાં વિવિધ જગ્યાઓએ પાણી ભરાઈ જતાં લોકોને મદદ પહોંચાડવા માટે ૧૧ હજારથી વધુ ફુડપેકેટનું વિતરણ સંબંધિત સ્થળોએ કરવામાં આવ્યું હતું.

અસરગ્રસ્તોને સમયસર સહાય મળે તે હેતુથી ભારે વરસાદથી કાચા તેમજ પાકા મકાનોને થયેલા થયેલ નુકસાનનો સર્વે કરવાની કામગીરી તત્કાલીક શરુ કરી દેવામાં આવી છે. જે અંતર્ગત પ્રાપ્ત વિગત અનુસાર ૪ કાચા મકાનો અને ૭ પાકાં મકાનોને અંશતઃ નુકસાન અને ૫ પાકાં મકાનો પડી ગયેલ છે. વધુમાં ૪ સરકારી મકાનોને નુકસાન થયેલ છે. ભારે વરસાદને પગલે ૪ માનવ મૃત્યુ તેમજ ૨૩ પશુ મૃત્યુ થયા છે. જેની સહાય ચૂકવણીની પ્રક્રિયા ઝડપથી હાથ ધરવામાં આવી રહી છે. કલ્યાણપુર તાલુકાના દેવળિયાથી ચાચલાણા હર્ષદ તરફ જતાં રસ્તાનાં પુલને પણ નુકસાન થયું છે. ભારે વરસાદને કારણે ૯૪૩ જેટલા વીજપોલ પડી ગયા છે. જેને રીસ્ટોર કરીને વીજપુરવઠો પૂર્વરત કરવા માટેની કામગીરી પણ પૂરજોશમાં કરવામાં આવી રહી છે. વરસાદની સ્થિતિને પગલે નાગરિકોની સલામતી માટે ૧૪ જેટલા રસ્તાઓ પર અવરજવર બંધ કરવામાં આવી છે તેમજ એસ.ટી.ના બે રૂટ મુસાફરોની સલામતીને ધ્યાને લઈ બંધ રાખવામાં આવ્યા છે. વિવિધ નીચાણવાળા વિસ્તારોમાં ભરાયેલા પાણી દૂર કરવાની, ક્લોરીનેશન, દવા છંટકાવ તેમજ સફાઈની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લાની સિંચાઈ યોજનાઓની સ્થિતિમાં તમામ ૧૪ ડેમો ઓવરફલો થઈ રહેલ છે. વરસાદની પરિસ્થિતીના પગલે જિલ્લા કલેકટર જી.ટી. પંડયા દ્વારા લોકોને ડેમ વિસ્તારમાં અવરજવર ન કરવા, સ્વચ્છતા જાળવવા તેમજ વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીમાં સહકાર આપવા અનુરોધ કરાયો છે.

**વીજ પુરવઠા પુનઃ સ્થાપનની કામગીરી : ૬૩૯ વીજપોલ પુનઃ સ્થાપિત કરાયા**

સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદને લીધે સંખ્યાબંધ વીજ પોલ પડી જવાથી અનેક ગામોમાં વીજ પુરવઠો પ્રભાવિત થયો છે. આ પરિસ્થિતિમાં નવા પોલ ઊભા કરીને વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ અંતર્ગત જિલ્લાનાં ચારેય તાલુકાના જુદા જુદા ગામોમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવા માટે ક્ષતિગ્રસ્ત થાંભલાઓને દૂર અથવા રીપેર કરીને લગભગ ૬૩૯થી વધુ વીજપોલ રીસ્ટોર કરવાની કામગીરી પૂર્ણ રવામાં આવી છે અને સંબંધિત ફીડરોમાં વીજપુરઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. બાકીના અમુક ફીડરોમાં વીજપુરવઠો પૂર્વવત કરવા માટે નવા વીજપોલ લગાવવાની અને સંબંધીત કામગીરી ઝડપભેર હાથ ધરવામાં આવી રહી છે.

### પૂજા ખેડકરનું વધુ એક જૂઠ્ઠાણુ

# IASની પરીક્ષામાં ફાયદો મેળવવા માતા-પિતાએ છુટાછેડા લીધાનું ચલાવ્યું ધુપ્પલ

## પૂજા ખેડકરે વિવિધ એકેડેમીમાં આપેલા તેના મોક ઈન્ટરવ્યુ દરમ્યાન દાવો કર્યો હતો કે તેના પરિવારની આવક શૂન્ય છે

નવી દિલ્હી, તા.૨૬

ટ્રેઈની IAS પૂજા ખેડકરના જૂઠ્ઠાણા એક પછી એક બહાર આવી રહ્યા છે. આ મામલે રોજેરોજ થતા ખુલાસાથી આખા દેશભરમાં શિક્ષિતોને આંચકો લાગ્યો છે કે સનદી અધિકારી બનવા માટે કેવા કેવા જૂઠ્ઠાણાઓ ચલાવવામાં આવે છે. પૂજા ખેડકરના જૂઠ્ઠાણા હવે તેને જ પર ભારે પડી રહ્યાં છે. બોગસ વિકલાંગતા પ્રમાણપત્ર બાદ હવે તેના માતા-પિતાના છૂટાછેડાના દાવાની પણ પોલીસ તપાસ કરશે.

IAS બનવા માટે પૂજા ખેડકરે અનેક યુક્તિઓ અજમાવી હતી. પૂજાએ ડિસેબિલિટી સર્ટિફિકેટ, અલગ-અલગ દસ્તાવેજોમાં અલગ-અલગ માહિતી, માતા-પિતાના છૂટાછેડાની થિયરી, ઝીરો ઈક્મ સહિત ઘણાં જૂઠાણાં ચલાવ્યા હતા, પરંતુ આખરે હવે તેના તમામ જુઠ્ઠા દાવાઓની સત્યતા સામે આવી રહી છે.

પૂજા ખેડકર પર આરોપ છે કે તેણે પોતાના અંગત ફાયદા માટે તેના માતા-પિતાના છૂટાછેડાની વાત કરી અને તેને લગતા દસ્તાવેજો પણ રજૂ કર્યા હતા. હવે સરકાર આ દાવાની પણ તપાસ કરાવશે. વાસ્તવમાં, પૂજા ખેડકરે રૈંજીઝને જાણ કરી હતી કે તેના માતા-પિતાના છૂટાછેડા થઈ ગયા છે, જ્યારે તેના પિતાએ તેમના ચૂંટણી એફિડેવિટમાં મનોરમા ખેડકરનો ઉલ્લેખ તેમની પત્ની તરીકે કર્યો હતો. આવી સ્થિતિમાં આ મામલે પણ પૂજાની મુશ્કેલીઓ વધી રહી છે.

પૂજા ખેડકર તેના માતા-પિતાના છૂટાછેડા વિશે અને અલગ-અલગ મૉક ઈન્ટરવ્યુમાં વાત કરતી જોવા મળી હતી. પરંતુ વાસ્તવમાં એવું નથી. પૂજા ખેડકર અંગેના વિવાદ બાદ પોલીસની ટીમ જ્યારે પૂજા અને મનોરમાના ઘરે અલગ-અલગ કેસમાં પહોંચી ત્યારે જાણવા મળ્યું કે, દિલીપ ખેડકર અને મનોરમા ખેડકર એક જ ઘરમાં એક જ છત નીચે ઘણા સમયથી રહે છે. આવી સ્થિતિમાં છૂટાછેડાની થિયરી ખોટી સાબિત થતી જોવા મળી રહી છે. પૂજાએ તેના માતા-પિતાના છૂટાછેડા સાથે સંબંધિત ૨૦૧૦નો કોર્ટ દસ્તાવેજ દાખલ કર્યો હતો. હવે સવાલ ઉઠી રહ્યો છે કે શું તેના માતા-પિતાએ ખરેખર છૂટાછેડા લીધેલા છે કે નહીં. અથવા પરિવારે જાણી જોઈને છૂટાછેડાના નકલી દસ્તાવેજ બનાવ્યા જેથી પૂજાને IASની પરીક્ષામાં ફાયદો મળી શકે. પૂજા ખેડકર પર તેના માતાપિતાના છૂટાછેડાનો દાવો કરીને UPSC પરીક્ષામાં OBC નોન-ક્રિમી લેયરનો લાભ લેવાનો આરોપ છે. કેન્દ્ર સરકારે પુણે પોલીસને પૂજા ખેડકરના માતા-પિતાની વૈવાહિક સ્થિતિ વિશે માહિતી આપવાનો આદેશ આપ્યો છે. પૂજા ખેડકરે દિલ્હીમાં વિવિધ એકેડેમીમાં આપેલા તેના મોક ઈન્ટરવ્યુ દરમિયાન દાવો કર્યો હતો કે તેના પરિવારની આવક શૂન્ય છે. આ દાવાનો આધાર એ હતો કે તેના માતા-પિતાના છૂટાછેડા થઈ ગયા છે અને તે તેની માતા સાથે રહે છે.

પૂજા ખેડકરના પિતા દિલીપ ખેડકરે ચૂંટણી મેદાનમાં પોતાનું નસીબ અજમાવ્યું હતુ. તેમણે પોતાના ચૂંટણી એફિડેવિટમાં કહ્યું હતું કે મનોરમા ખેડકર તેમની પત્ની છે. આવી સ્થિતિમાં, માનવામાં આવે છે કે પૂજા ખેડકરે ઓબીસી કેટેગરીમાં નોન-ક્રિમી લેયરનો માત્ર લાભ લેવા માટે ખોટો દાવો કર્યો હતો. પૂજા દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજો અનુસાર, દિલીપ ખેડકર અને મનોરમા ખેડકરે ૨૦૦૯માં પુણેની ફેમિલી કોર્ટમાં પરસ્પર સંમતિથી છૂટાછેડાની અરજી દાખલ કરી હતી અને ૨૫ જૂન, ૨૦૧૦ના રોજ બંનેના છૂટાછેડા થઈ ગયા હતા. પરંતુ દિલીપ ખેડકરનું ચૂંટણી એફિડેવિટ કંઈક અલગ જ વિગતો સામે લાવ્યું છે.

### મુંબઈમાં ભારે વરસાદની મુંબઈ એરપોર્ટ પર પડી અસર

# ઈન્ડિગો, એર ઈન્ડિયા, સ્પાઈસ જેટની ફલાઈટ કેન્સલ કરાઈ

મુંબઈ, તા.૨૬

મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સતત વરસાદથી જનજીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું છે સાથે જ મુંબઈ એરપોર્ટ પર ઘણી ફ્લાઈટ પર વરસાદની અસર જોવા મળી રહી છે. જેના કારણે મુંબઈ એરપોર્ટ પર સેંકડો મુસાફર પરેશાન છે. મુંબઈમાં છેલ્લા ઘણા દિવસોથી સતત અને ભારે વરસાદના કારણે છત્રપતિ શિવાજી મહારાજ એરપોર્ટ પર ફ્લાઈટ સંચાલન ગંભીરરીતે ખોરવાઈ ગયું છે જેના કારણે મુખ્ય એરલાઈનોએ મુસાફર માટે એડવાઈઝરી જાહેર કરવી પડી છે. ઈન્ડિગોએ કહ્યું કે સતત વરસાદના કારણે તેમની ફ્લાઈટમાં સમયાંતરે મોડું થઈ રહ્યું છે. ઓછી કિંમતવાળી એરલાઈન્સે કહ્યું કે તે મુસાફરને વાસ્તવિક સમય પર અપડેટ આપવાનો પ્રયત્ન કરી રહી છે પરંતુ તમામને એરપોર્ટ પર ગયા પહેલા પોતાની ફ્લાઈટની સ્થિતિની તપાસ કરવાની સલાહ આપે છે. ઈન્ડિગોએ કહ્યું, 'અમે સરળ સંચાલન નક્કી કરવા માટે સતત કામ કરી રહ્યાં છીએ અને આશા કરીએ છીએ કે હવામાનમાં સુધારો થયા બાદ આ વિલંબ થોડો ઓછો થઈ જશે.' આ દરમિયાન એર ઈન્ડિયાએ પણ તેના મુસાફરોને સંભવિત સમસ્યાઓ અંગે ચેતવણી આપી હતી. એર ઈન્ડિયાએ પોતાના મુસાફરોને સલાહ આપતાં કહ્યું કે 'ભારે વરસાદના કારણે મુંબઈથી આવતી-જતી ફ્લાઈટ પ્રભાવિત થઈ શકે છે. મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ એરપોર્ટ માટે જલ્દી નીકળે, કેમ કે ધીમી ગતિથી મુસાફરી અને પાણી ભરાવાના કારણે અવર-જવરમાં મોડું થઈ શકે છે.'

સ્પાઈસજેટે પણ આ પ્રકારની ચિંતા વ્યક્ત કરી છે. એરલાઈન્સે કહ્યું કે પ્રતિકૂળ હવામાનની સ્થિતિના કારણે મુંબઈ એરપોર્ટ પર તમામ પ્રસ્થાન અને આગમન, સાથે જ તેમની પરિણામી ફ્લાઈટ અસર થઈ શકે છે. એરલાઈને સલાહ આપી છે કે 'મુસાફરોને વિનંતી છે કે તેઓ પોતાની ફ્લાઈટની સ્થિતિની તપાસ કરતા રહે.'

મુંબઈ એરપોર્ટ પર ભારે વરસાદ અને ઝડપી પવનના કારણે ખરાબ વિઝિબિલિટીના કારણે ગુરુવારે સવારે મુંબઈ એરપોર્ટ પર ફ્લાઈટ સંચાલન થોડા સમય માટે સસ્પેન્ડ કરી દેવાયું. સવારે ૧૦.૫૫ વાગે વિઝિબિલિટી ૧૦૦૦ મીટર અને રનવે વિઝ્યુઅલ રેન્જ (આરવીઆર) ૧૨૦૦ મીટર નોંધાયા બાદ લગભગ ૨૦ મિનિટ બાદ સંચાલન ફરીથી શરૂ થયું. આ સાથે જ નાયબ મુખ્યમંત્રી અજીત પવારે કહ્યું, 'આજે સવારથી, હું પોતાના કાર્યાલયથી મહારાષ્ટ્રના જુદા-જુદા જિલ્લા, ખાસ કરીને મુંબઈ, પૂણે, થાણે, કોલ્હાપુર અને સાંગલીમાં પડી રહેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિની સમીક્ષા કરી રહ્યો છું.' તેમણે કહ્યું કે તમામ જિલ્લાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ સિસ્ટમ અને જિલ્લા તંત્રના સંબંધિત અધિકારીઓને બચાવ અને રાહત કાર્યમાં સહેજપણ મોડું કર્યા વિના લોકોને ઝડપથી જરૂરી મદદ પૂરી પાડવાના આદેશ આપવામાં આવ્યા છે.

# ખંભાળિયાના આહિર સિંહણ ગામે જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા



જામ ખંભાળિયા, તા. ૨૬

ખંભાળિયા તાલુકાના આહિર સિંહણ ગામે પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન કોન્સ્ટેબલ યોગરાજસિંહ ઝાલા તથા કાનાભાઈ લુણાને મળેલી ચોક્કસ બાતમીના આધારે પ્રાથમિક શાળાની બાજુમાં બેસી અને ગંજીપત્તા વડે જુગાર રમી રહેલા કિશન ધરણાત ચાવડા, પબા સવાભાઈ ભાટુ, હમીર હરદાસ ચાવડા અને કાનદાસ શંકરદાસ દુધરેજીયા નામના ચાર શખ્સોને પોલીસે ઝડપી લઈ, કુલ રૂપિયા ૩૦,૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

તા.૫ ઓગસ્ટથી તા.૧૫મી ઓગસ્ટ સુધી દશામાનું વ્રત

# દશામાંના વ્રત દરમ્યાન ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા વિજ્ઞાન જાથાની અપીલ

**ધૂણીને છેતરપિંડી કરતી ભૂઈમા ઉપર જાથા કાનુની કાર્યવાહી કર : વ્રતની પુર્ણાહુતિએ મૂર્તિઓને પીવાના પાણીમાં વિસર્જન કરવું નહિં : વિજ્ઞાનના કારણે અવતારો, ચમત્કારો, પરચા બંધ થયા : ચેરમેન જયંત પંડયા**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૬

આપણા દેશમાં છેલ્લા કેટલાંક વર્ષોથી શ્રાવણ માસની એકમથી દસમ સુધી તથા આ વર્ષે તા.૫મી ઓગસ્ટથી ૧૫મી ઓગસ્ટ સુધી આરાધ્ય દેવી દશામાંના વ્રતનો પ્રારંભ, પૂજન, અર્ચન મહિમા અનેક રીતે ઉજવણી પ્રદેશ પ્રમાણે કરવામાં આવે છે. દશામાંના વ્રતનું ગૌરવ, ધાર્મિક અનુસરણ પ્રમાણે વિધિ-વિધાન થાય, ઉજવણી શ્રદ્ધા પ્રમાણે થાય તેનો કદી પણ વિરોધ હોય શકે નહીં. સૌને આદર, વંદન માતાજી તરફ હોય તે સ્વાભાવિક છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાંના વ્રત દરમ્યાન અમુક લેભાગુઓ, ભુવા-ભારાડી, ભૂઈમા, તકસાધુઓ, ચમત્કારિકો શ્રદ્ધાના માહોલમાં યુક્તિ, પ્રયુક્તિ, ચમત્કારો કરી છેતરપિંડી કરે છે તેનો વર્ષોનો અનુભવ હોય ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી સખ્ત શબ્દોમાં વખોડી વિરોધ કરી ધૂણતી ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા અપીલ કરવામાં આવી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે સોમવારથી દશામાંના વ્રતનો પ્રારંભ થાય છે. દેશમાં શ્રદ્ધાપૂર્વક ધાર્મિક ઉત્સવ ઉજવવો સૌ નાગરિકોને અબાધિત અધિકાર છે. વ્રતના સ્થાપન-પુર્ણાહુતિએ શ્રદ્ધાળુઓએ આરોગ્યની જાળવણી રાખવી સૌના હિતમાં છે. કહેવાતા ચમત્કારો - પરચાઓ વિજ્ઞાનને કારણે ગાયબ થઈ ગયા છે. સાદગીથી પોતાના ઘરમાં જ ઉજવણી થાય તે જરૂરી છે. વર્ષોની લોકજાગૃતિના કારણે દશામાંની ભૂઈમાના પરચા ઓસરતા થઈને હવે નહિંવત જોવા મળે છે. મેટ્રો શહેરમાં અમુક વિસ્તારમાં આજે પણ ધાર્મિક ઉન્માદ જોવા મળે છે તેમાં જાથા વિવેકથી કામગીરી કરે છે. તા.૧૫મી ઓગસ્ટે જાગરણના દિવસે મૂર્તિના વિસર્જન સ્થળે પૂજન-અર્ચન કરેલ દશામાંની મૂર્તિની અવદશા દયનીય જોવા મળે છે તેમાં ફેરફાર કરવો અતિ જરૂરી છે. પીવાના પાણીમાં કદી પણ મૂર્તિનું વિસર્જન કરવું નહિ. વધુમાં જાથાના પંડયા જણાવે છે કે વિજ્ઞાનના કારણે પૃથ્વી ઉપર અવતારો-ચમત્કારો- પરચાઓ બંધ થઈ ગયા છે. દશામાંની ભૂઈના પરચા બેબુનિયાદ સાબિત થયા છે છતાં પણ જાથા દર વર્ષે દશામાંના વત સમયે શ્રદ્ધાળુઅ છેતરાય નહિ તે માટે લોકજાગૃતિનું કામ કરે છે. વર્ષોના અભિયાન પછી મહ્દ અંશે સફળતા જોવા મળેલ છે. ઉન્માદમાં ઓટ જરૂર આવી છે. દશામાંના વ્રતના અભિયાનના જાથાના ૨૨ મા વર્ષે જાગૃતિ લાવવા જનસમાજ સમક્ષ હકિકત મુકે છે તેમાં વ્રત દરમ્યાન ૨૭૨૦ મહિલાઓ ધૂણતી નજરે પડી હતી તેમાંથી છેતરપિંડી કરતી ૮૦૫ ભૂઈમાઓનો પર્દાફાશ કરી ચોંકાવનારી હકિકત બહાર આવી હતી. આ વ્રતમાં ચાલાક ભૂઈમાન છેતરપિંડીનો ધંધો થઈ ગયો છે. તેથી જાથા વિરોધ કરે છે. દશામાના ભકતો-શ્રદ્ધાળુઓએ આ વ્રત દરમ્યાન જાગૃતિ રાખવાનો સમય પાકી ગયો છે. દશામાના વ્રત દરમ્યાન ઢોંગી, અમુક ભૂઈમા-ભુવા, લેભાગુઓ, તકસાધુઓ હાથ-પગ, મોંમાથી કંકુ કાઢવું-નીકળવું, કંકુના પગલા, મૂર્તિ-સાંઢણીનું દૂધ પાણી પીવું, જમીનમાંથી એકાએક મૂર્તિ નીકળવી, ફળ, શાકભાજીમાં દેવ-દેવીના દર્શન થવા તેવા અવનવા ગતકડાના ચમત્કારોનું સર્જન કરી લોકોને ભરમાવવામાં કે ભીડ એકઠી કરવાના નુશ્કા જોવા મળશે. ખોટા ચમત્કારોથી પ્રભાવિત ન થવા કે અફવામાં દોરાવું નહિ તેવી જાથા અપીલ કરે છે. વધુમાં જાથાના પંડયાએ જણાવ્યું કે આ વ્રત દરમ્યાન બનાવટી, અતાર્કિક, ચમત્કારિક યુટયુબ ઉપર થતી ચમત્કારિક કથાઓ અને વાર્તાઓ, પત્રિકાઓ, પુસ્તિકાઓ, ફિલ્મો હેતુપૂર્વક બહાર પાડી દર્શાવીને ભ્રમીત કરીને પ્રચાર અને વેચાણ કરવામાં આવે છે. વાસ્તવમાં દશામાના નામે છેતરપિંડી જ છે. શ્રદ્ધાના માહોલમાં છેતરપિંડીનું કારસ્તાન છે. દેશભરમાં શ્રાવણ માસથી કાર્તિક માસ સુધી અવનવા ભ્રામક ચમત્કારોનું સર્જન કરી લૂંટ કરવામાં આવે છે. જાથાએ નજરે જોયું છે કે ગામના કે સ્થાનિક રહેવાસીઓ જાગૃતિ રાખી પોલીસ કે સરકારી તંત્રની મદદથી અટકાવી સત્ય હકિકત નાગરિક ધર્મની રૂએ મુકી શકે છે. દશામાનો વ્રત ઉજવવો, ધાર્મિક લાગણી રાખવી સૌનો હક્ક છે. માતાજી હંમેશા વંદનીય હોય પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાના વ્રતે જે હરણફાળ પ્રગતિ ચમત્કારના નામે અને યુક્તિ-પ્રયુકિતના કારણે કરી છે તેનો વિરોધ છે. અમુક કથાવસ્તુ તો સાવ બોગસ, નિરાધાર, તર્કટ, બીનપાયાદાર કપોળકલ્પિત મનસ્વી મનની ઉપજથી બનાવવામાં આવેલી છે તે ભોળા, શ્રદ્ધાળુઓ ખોટું અનુસરણ કરવાથી બરબાદીને નોતરે છે તેથી સાવધાન રહેવા જાથા અપીલ કરે છે. વિશેષમાં જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે દશામાના વ્રત દરમ્યાન દેશભરમાં કરોડોનો કારોબાર જોવા મળે છે. બનાવટી, છેતરપિંડી કારોબારનો સદૈવ જાથા વિરોધ કરે છે. અજ્ઞાન, અશિક્ષિત, ભોળા, ગરીબ લોકો જ ભોગ બને છે. દશ દિવસ સુધી દશામાનું વ્રત કરનાર પરિવાર અસ્તવ્યસ્ત થઈ જાય છે. દૈનિક જીવનપદ્ધતિ ખોરવાઈ જાય છે. બાળકોનું શિક્ષણ બગડે છે. પરિવારમાં અશાંતિનો માહોલ જોવા મળે છે. અમુક પરિવાર આ વ્રત દરમ્યાન જાથાની મદદ માંગે છે. છેલ્લા ૩૨ વર્ષમાં જાથાએ ધૂણતી અનેક ભૂઈમા, ઢોંગી મહિલાઓને પૂછવાથી કે તપાસવાથી એકપણ સાચી નીકળી નથી તમામ ખોટી સાબિત થઈ છે. છેલ્લા વર્ષોમાં દશામાના વ્રત દરમ્યાન ભૂઈમાનો પતિ જ જાથાને રજૂઆત કરી પર્દાફાશનો આગ્રહ રાખે છે. અમુક પતિ તો પોતાને ધૂણીને ધબ્બો મારી માર મારે છે તેના ત્રાસની હકિકતથી જાથાને વાકેફ કરે છે. ધાર્મિકતાના કારણે લોકો મૌન રહેવાનું પસંદ કરે છે. વ્રત દરમ્યાન ભૂઈમા પોતાની શેરી, ઘર આસપાસ રહીશોને બેહદ ત્રાસ આપી ઢોલ-નગારા, ધૂપ-ધુમાડા, ઘોંઘાટ, ધુણવું, અબીલ-ગુલાલ ઉડાડવો, માનસિક ત્રાસ આપી હેરાન કરતા હોવાની હકિકત જાથાને આપવામાં આવે છે જેથી લોકોએ સ્વયંભુ વિરોધ કરી પરિસ્થિતિ પ્રમાણે કાયદાનું અનુસરણ કરવું જોઈએ. રજૂઆત સાચી હોય તો પોલીસ તંત્ર વાસ્તવમાં નાગરિકને મદદરૂપ થાય છે. જાથાના પંડયા જણાવે છે કે દશામાના વ્રતની સમાપ્તિ-પુર્ણાહુતિએ માતાજીની મૂર્તિઓ પીવાના પાણીમાં પધરાવી નહિ. પીવાના ડેમ, ચેક ડેમ, નદી-નાળામાં મૂર્તિઓ પધરાવવાથી પાણી પ્રદુષિત થશે. પાણીજન્ય રોગનો ભોગ લોકો ન બને તે માટે મૂર્તિઓને ખાસ જગ્યાએ પધરાવવા જાથા અનુરોધ કરે છે. છેલ્લા કેટલાક વર્ષથી જાથાના પ્રયાસથી દશામાની ભૂઈમાઓએ ધૂણવાનું સ્વયંભુ બંધ કરી ત્રાસ ઓછો આપે છે. રાજયમાં જિલ્લા મથકોએ કાર્યવાહક સમિતિ બનાવી છે તે વ્રતના દશ દિવસ સુધી ઢોંગી ભૂઈ-ભુવા, લેભાગુઓ ઉપર નજર રાખશે. છેતરપિંડીના પુરાવા અને ફરિયાદીની મદદથી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે. સ્થાનિક લોકોએ સાક્ષી-પુરાવામાં મદદરૂપ થવું પડશે. જાથા તટસ્થ ન્યાયસુસંગત જ કાર્યવાહી ખરાઈ કરીને જ કરશે. અમુક કિસ્સામાં જાથાની જાણ બહાર કે સંસ્થાનું નામ લઈ વ્રત દરમ્યાન કોઈ વિક્ષેપ, ડરાવે, ધમકાવે તો સાવધાન રહેવું. જાથા ધાર્મિક ઉજવણીમાં સ્થળ ઉપર જતું નથી કે વિક્ષેપ કરતું નથી. જાથા કદી કોઈની લાગણી દુભાવતું નથી. જાથાના નામે ફોન, રૂબરૂ કે મોબાઈલ આવે તો ખરાઈ કરવા અપીલ કરવામાં આવે છે. અમુક હિતશત્રુઓ જાથાને બદનામ કરવા જે પ્રયાસો કરે છે તેને વખોડવામાં આવે છે. રાજયમાં સોમવારથી વ્રતની શરૂઆત હોય જિલ્લા રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, આણંદ, નડિયાદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વલસાડ, વાપી, રાજપીપળા, હિંમતનગર, છોટાઉદેપુર, મોડાસા, દાહોદ, પંચમહાલ, મહિસાગર, કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી, બોટાદ, ભાવનગર, ગિર સોમનાથ, જુનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, જિલ્લા-તાલુકા મથકોએ કાર્યવાહક કમિટી બનાવી છે તેને વડી કચેરી તપાસ કરીને જ સ્થળ ઉપર ઢોંગી ભૂઈના પાસે મોકલાવામાં આવશે. ધાર્મિક વ્રતમાં કોઈપણ પ્રકારનો જાથા વિક્ષેપ કરતું નથી.

શ્રદ્ધાળુઓની લાગણીને ધ્યાનમાં રાખવામાં આવે છે. જાથાના સદસ્યો નાથાભાઈ પીપળીયા, પ્રમોદભાઈ પંડયા, દિનેશભાઈ હુંબલ, નિર્મળ મેત્રા, નિર્ભય જોશી, વિનોદભાઈ વામજા, રાજુભાઈ યાદવ, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહિલ, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, હર્ષાબેન પંડયા અને શાખાઓના કાર્યકરો સંકલન કરી શ્રધ્ધાની આડમાં છેતરાય નહિ તે સંબંધી જાગૃતિ કેળવવાના છે. રાજયમાં દશામાના વ્રત દરમ્યાન ધૂણીને ઢોંગ કરતી ભ્રામક પ્રચાર કરતી ભૂઈમાઓ વિશે માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

## ગુજરાતની સહકારી મંડળીઓને એનસીડીસીની નાણાકીય સહાયમાં છેલ્લા બે વર્ષમાં ૧૪૭૦%નો ઉછાળો

**કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહનો રાજયસભા સાંસદ પરિમલ નથવાણીને**

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૬

નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનસીડીસી) દ્વારા ગુજરાતની સહકારી મંડળીઓ અને સંઘોને લોન અને ગ્રાન્ટના સ્વરૂપમાં અપાતી નાણાકીય સહાયમાં છેલ્લા બે વર્ષમાં ૧૪૭૦%નો તીવ્ર ઉછાળો નોંધાયો છે. સહકારી મંડળીઓ /સંઘોને એનસીડીસી દ્વારા પૂરી પડાતી નાણાકીય સહાયનો આંક ૨૦૨૧-૨૨માં રૂા. ૩૭.૪૦ કરોડ હતો જે ૨૦૨૩-૨૪માં વધીને રૂા. ૫૮૬.૯૯ કરોડે પહોંચી ગયો છે. નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝ (એનસીડી) પોર્ટલ હેઠળ ઉપલબ્ધ ડેટા અનુસાર ગુજરાતમાં ૮૨,૧૪૩ નોંધાયેલી સહકારી મંડળીઓ છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે આ માહિતી પૂરી પાડી હતી. સહકાર મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, એનસીડીસી તરફથી દેશભરની સહકારી મંડળીઓ/ ફેડરેશનને નાણાકીય સહાયતા પૂરી પાડવામાં આવે છે. એનસીડીસી તરફથી પ્રાપ્ત થયેલી માહિતી મુજબ, છેલ્લા ત્રણ વર્ષમાં આ સંસ્થાઓને કુલ રૂા. ૧,૩૪,૬૭૦.૯૦ની રકમ લોન તરીકે અને રૂા. ૧,૨૦૦.૦૪ કરોડની રકમ ગ્રાન્ટ તરીકે વિતરણ કરાઈ છે. મંત્રીના નિવેદન અનુસાર, મંડળીઓને સદ્ધર બનાવવા, ભારત સરકારે રૂા. ૨,૫૧૬ કરોડના કુલ નાણાકીય ખર્ચે હાલ કાર્યરત મંડળીઓના કમ્પ્યૂટરાઈઝેશન માટેના એક પ્રોજેક્ટને પણ મંજૂરી આપી છે, જેના થકી દેશની તમામ કાર્યરત મંડળીઓ એક સમાન ઈઆરપી આધારિત રાષ્ટ્રીય સોફ્ટવેર સાથે જોડાઈ જશે, અને તેનું રાજ્ય સહકારી બેંકો (એસટીસીબી) અને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (ડીસીસીબી)ના માધ્યમે નાબાર્ડ સાથે લિન્કિંગ થશે. આ પ્રોજેક્ટ હેઠળ ૩૦ રાજ્યો/ યુટીની કુલ ૬૭,૦૦૯ મંડળીઓને મંજૂર કરાઈ છે જ્યારે ૨૮ રાજ્યો/ યુટી દ્વારા હાર્ડવેર પણ ખરીદી લેવાયા છે. કુલ ૨૫,૬૭૪ મંડળીઓ ઈઆરપી સોફ્ટવેર સાથે જોડાઈ ચૂકી છે અને ૧૫,૨૦૭ મંડળીઓ લાઈવ થઈ ચૂકી છે, તેમ મંત્રીએ એક નિવેદનમાં કહ્યુંહતું. આ નિવેદન મુજબ, ભારત સરકારનો રૂા. ૬૫૪.૨૨ કરોડની રકમનો હિસ્સો વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં ૨૯ રાજ્યો/યુટી વચ્ચે રિલિઝ કરી દેવાયો છે જેનો ઉપયોગ હાર્ડવેરની ખરીદી, ડિજિટાઈઝેશન અને સપોર્ટ સિસ્ટમ સ્થાપવા કરાશે. નથવાણી એ જાણવા માગતા હતા કે, દેશમાં કેટલી સહકારી મંડળીઓ નોંધાયેલી છે તેમજ સરકાર દ્વારા તેને અદ્યતન બનાવવા, પારદર્શિતા લાવવા, આધુનિકરણ, સ્પર્ધાત્મકતાની રચના અને ક્ષમતા નિર્માણ માટે શા પગલાં લેવાયા છે અને અલગ મંત્રાલયની સ્થાપના બાદ આ મંડળીઓને ક્ષમતા વિસ્તાર માટે સરકાર તરફથી કેટલી નાણાકીય સહાયતા પૂરી પડાઈ છે. સહકાર મંત્રીના નિવેદન અનુસાર, સહકાર મંત્રાલયની ૬ જુલાઈ, ૨૦૨૧ના રોજ સ્થાપના થઈ ત્યારથી તેણે "સહકાર-એ-સમૃદ્ધિ"ની પરિકલ્પનાને સાકાર કરવા તેમજ દેશમાં સહકારી ચળવળને પ્રાથમિક સ્તરેથી વધુ ઊંડી અને મજબૂત બનાવીને સર્વોચ્ચ સ્તરે પહોંચાડવા સંખ્યાબંધ પહેલ આદરી છે. આ પહેલોમાં મંડળીઓને બહુહેતુક, બહુપરિમાણીય અને પારદર્શી સંસ્થા બનાવવા આદર્શ પેટા-કાનૂનોની રચના, કમ્પ્યૂટરાઈઝેશન દ્વારા મંડળીઓના સશક્તિકરણ, તેમજ નહીં આવરી લેવાયેલી પંચાયતોમાં નવી બહુહેતુક



મંડળીઓ/ ડેરી/ માછીમારી સહકારી સંસ્થાઓની સ્થાપનાનો સમાવેશ થાય છે. મંત્રાલય દ્વારા સહકારી ક્ષેત્રમાં વિશ્વના સૌથી મોટા વિકેન્દ્રિત અન્ન સંગ્રહ યોજના, સમાન સેવા કેન્દ્રો (સીએસસી) તરીકે મંડળીઓ, મંડળીઓ દ્વારા નવી ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ (એફપીઓ)ની સંરચના જેવી યોજનાઓનો પણ પ્રારંભ કરાયો છે. સહકારી મંત્રાલયની અન્ય પહેલોમાં પીએમ ભારતીય જન ઔષધિ કેન્દ્ર તરીકે મંડળીઓ, પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો (પીએમકેએસકે) તરીકે મંડળીઓ, પીએમ-કુસુમનું મંડળીઓના સ્તરે તબદિલીકરણ, બેંક મિત્ર સહકારી મંડળીઓને માઈક્રો-એટીએમ, દૂધ સહકારી મંડળીઓના સભ્યો માટે રૂપે કિસાન ક્રેડિટકાર્ડ, માછીમાર ઉત્પાદક સંગઠન (એફએફપીઓ)ની સંરચના વગેરે સામેલ છે.

## ખંભાળિયાના બેહ ગામે ખેડૂત પરિવારમાં લૂંટ ચલાવી, ૨૫ વર્ષ પૂર્વે નાસી છૂટેલા આરોપીને એસ.ઓ.જી. પોલીસે દબોચી લીધો





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયા તાલુકાના બેહ ગામના એક ખેડૂત પરિવારના ઘરમાં રાત્રિના સમયે ત્રાટકી, ખેડૂત ઉપર હુમલો કરીને લૂંટ ચલાવી, નાસી છૂટેલા પરપ્રાંતિય આરોપીને ૨૫ વર્ષ બાદ એસ.ઓ.જી. પોલીસ દ્વારા ખંભાળિયામાંથી દબોચી લેવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત આરોપી પર સરકાર દ્વારા રોકડ ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા - દ્વારકા હાઈવે ઉપર આવેલા બેહ ગામે વર્ષ ૧૯૯૯માં પાલાભાઈ થારીયાભાઈ નામના એક ગઢવી ખેડૂત પરિવારના લોકો રાત્રિના સમયે તેમના ઘરે સુતા હતા, ત્યારે ચાર જેટલા અજાણ્યા શખ્સોએ હથિયારો સાથે તેમના ઘરે આવીને જીવલેણ હુમલો કરી, લૂંટ ચલાવી હતી. જેમાં રોકડ રકમ, દાગીના ઉપરાંત બાર બોર બંદૂક સહિતનો મોટી રકમનો મુદ્દામાલ લૂંટારુઓ લૂંટી લઈને અંધારામાં ઓગળી ગયા હતા. આ પ્રકરણમાં પાલાભાઈને માથામાં હેમરેજ જેવી ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા સમયે આઈ.પી.સી. કલમ ૧૪૭ ૧૪૮ ૧૪૯ ૩૯૫ ૩૯૭ ૪૬૦ તથા ૩૪ મુજબ ધોરણસર ગુનો નોંધ્યો હતો. છેલ્લા આશરે ૨૫ વર્ષથી નાસતા ફરતા આરોપી સંદર્ભે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ એસ.ઓ.જી. વિભાગ દ્વારા હાથ વધારવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન એએસઆઈ ઈરફાનભાઈ આમદભાઈ ખીરા તથા મહંમદભાઈ યુસુફભાઈ બ્લોચને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉપરોક્ત લૂંટ પ્રકરણનો આરોપી મધ્ય પ્રદેશ રાજ્યના જાંબુઆ જિલ્લાના માલ ફળિયું ખાતેના મૂળ રહીશ એવા સતરૂ બાપુભાઈ લાલજી વાખલા(ઉ. વ. ૪૬) ને ખંભાળિયામાં એસ.ટી. ડેપો બહારના માર્ગેથી દબોચી લીધો હતો. મહત્વની બાબત કહે છે કે સરકારના ક્રાઈમ બ્રાન્ચ વિભાગ દ્વારા ઉપરોક્ત આરોપીને ફરારી જાહેર કરી, અને તેના પર રૂપિયા ૧૦,૦૦૦ નું રોકડ ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. તેને એસ.ઓ.જી. પોલીસે ઝડપી લેવામાં સફળતા મેળવી છે. ઉપરોક્ત આરોપીનો કબજો ખંભાળિયાના પોલીસને સોંપવામાં આવ્યો છે. જે અંગે પી.એસ.આઈ. વી.બી. પીઠિયા દ્વારા રિમાન્ડ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયા, મહંમદભાઈ બ્લોચ, ઈરફાનભાઈ ખીરા, નિર્મલભાઈ આંબલીયા અને સંજયભાઈ વારોતરીયા દ્વારા કરવામાં આવી હતી.

## ખંભાળિયાનું ગૌરવ : પીજીવીસીએલ કર્મચારી કેરમ ટુર્નામેન્ટમાં પ્રથમ સ્થાને




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

પીજીવીસીએલ આંતર કચેરી ભુજ ખાતે તાજેતરમાં પુરૂષ કેરમ ટુર્નામેન્ટ ૨૦૨૪-૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખંભાળિયાની પીજીવીસીએલ કચેરીમાં નાયબ અધિક્ષક તરીકે ફરજ બજાવતા આર.બી. ટાંકએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી, ખંભાળિયા સાથે જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરી સાથેનું પણ ગૌરવ વધાર્યું છે.


### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ભાવનાબેન અતુલ ગઢીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ભાવનાબેન અતુલકુમાર ગઢીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**ભાવનાબેન અતુલકુમાર ગઢીયા**

એ-૪, નીલગગન એપાર્ટમેન્ટ, તળાવ દરવાજા પાસે,

જૂનાગઢ-૩૬૨૦૦૧

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **અતુલ વ્રજલાલ ગઢીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **અતુલકુમાર વ્રજલાલ ગઢીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**અતુલકુમાર વ્રજલાલ ગઢીયા**

એ-૪, નીલગગન એપાર્ટમેન્ટ, તળાવ દરવાજા પાસે,

જૂનાગઢ-૩૬૨૦૦૧

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **પંકજકુમાર ભીમાજીભાઈ મારૂ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **પંકજકુમાર ભીમાભાઈ મારૂ** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**પંકજકુમાર ભીમાભાઈ મારૂ**

રાધાકૃષ્ણ નગર, બ્લોક નં.એ-૬૫,

મોતીબાગ, જૂનાગઢ-૩૬૨૦૦૧

### મામલતદાર, જૂનાગઢ (શહેર)ની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૫૧/૨૦૨૪

:: જાહેર નોટીસ ::

પ્રતિ,
શ્રી પ્રભાબેન વિઠલભાઈ વાઘેલા
રહે.ઈવનગર,
તા.જૂનાગઢ, જી.જૂનાગઢ.... ..... અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી,
જન્મ-મરણ નોંધણી વિભાગ,
મહાનગરપાલીકા, જૂનાગઢ.... ..... સામાવાળા

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પ્રભાબેન વિઠલભાઈ વાઘેલા તેમના પુત્ર વાઘેલા મનસુખ વિઠલભાઈનો જન્મ તા.૦૧-૦૧-૧૯૮૯નાં રોજ જૂનાગઢ શહેરના દોલતપરા મુકામે થયેલ પરંતુ જે તે સમયે તેઓનાં માતા-પિતા શૈક્ષણીક રીતે પછાત હોવાથી અને જન્મ-મરણ કાયદાનું જ્ઞાન ન હોવાથી જૂનાગઢ મુકામે મહાનગરપાલીકા કચેરીમાં જન્મનાં રજીસ્ટરમાં તેઓનાં જન્મની નોંધ થયેલ નથી જેથી જન્મની નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીનાં અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા. ૦૬, માહેઃ જુલાઈ-૨૦૨૪ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સહી : અવાચ્ય
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જૂનાગઢ (શહેર)

### રાણાવાવ નગરપાલિકા

ઇ- ટેન્ડરીંગ નિવિદા

ચીફ ઓફીસરરાણાવાવ નગરપાલિકા દવારા રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી નીચેના કામના ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | અંદાજીત રકમ | ઇએમડી | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧ | રાણાવાવ નગરપાલિકાના વોટર વર્કસ વિભાગના માલ -સમાન સપ્લાયનું કામ. | ૨૫૦૦૦૦૦/- | ૨૫,૦૦૦/- | ૨૫૦૦/- |
| ૨ | રાણાવાવ નગરપાલિકાના ઈલેક્ટ્રીક વિભાગના માલ -સમાન સપ્લાયનું કામ. | ૧૮૦૦૦૦૦/- | ૧૮,૦૦૦/- | ૧૮૦૦/- |
| ૩ | રાણાવાવ નગરપાલિકાના સીવીલ વર્કનું કામ. | ૧૨૦૦૦૦૦/- | ૧૨,૦૦૦/- | ૧૨૦૦/- |
| ૪ | રાણાવાવ નગરપાલિકાના મોટર રીવાઇંડિંગ અને રીપેરીંગ કરવાનું કામ. | ૧૫૦૦૦૦૦./- | ૧૫૦૦૦.૦૦ | ૧૫૦૦.૦૦ |

ઇએમડી તથા ડોક્યુમેન્ટ ફી ચીફ ઓફીસર રાણાવાવ નગરપાલિકા તરફેણમાં ભરવાની રહેશે. સદરહુ કામની ટેન્ડરડોક્યુમેન્ટ તથા ટેન્ડરને લગતી વધુ માહિતી માટેhttps://tender.nprocure.comપર લોગ ઓન કરવું અથવા રાણાવાવ નગરપાલિકાની બાંધકામ શાખાનો સંપર્ક કરવો ભરેલ ટેન્ડરઇલીકટ્રોનીક ફોમેટમાં વેબસાઇટhttps://tender.nprocure.comપર ડીજીટલ સહી સાથે ઓન લાઇનસબમીટ કરવાનું રહેશે તા.૨૯-૦૭-૨૦૨૪ થી ટેન્ડર ઓનલાઇન જોઇ શકાશે.ઓન લાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તા.૧૩-૦૮-૨૦૨૪ છે. અને ફીઝીકલડોક્યુમેન્ટસબમીટ કરવાની છેલ્લી તા.૨૦-૦૮-૨૦૨૪ છે. ઓનલાઇન ટેન્ડર ખોલવા, મંજુર કે ના મંજુર કરવાના અધિકાર નગરપાલિકાને આબાધિત રહેશે.

ચીફ ઓફીસર રાણાવાવનગરપાલિકા — વહીવટદાર રાણાવાવનગરપાલિકા

માહિતી/પોર/જા.ખ.-૬૬/૭૮૪-૮૬/૨૦૨૪

### જૂનાગઢ મનપાની વર્તમાન બોડીની વિદાય આડે હવે ગણતરીનાં પાંચ દિવસ બાકી

# ભાજપનાં શાસકોએ માત્ર છેલ્લા ત્રણ માસમાં જૂનાગઢ મનપાની તિજોરી તળીયા ઝાટક કરી નાંખી !

જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ મનપાનાં વોર્ડ નં. ૯નાં કોંગ્રેસનાં કોર્પોરેટર લલીતભાઈ પરસાણાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે જૂનાગઢ મનપામાં જયારથી ભાજપની ચુંટાયેલ બોડી અસ્તીત્વમાં આવી છે ત્યારથી બેફામ અણઘડ વહીવટ ચાલે છે. ભાજપની બોડીની વિદાય આડે હવે માત્ર ગણતરીનાં દિવસ રહયા છે ત્યારે ભાજપે જૂનાગઢ મનપાએ જાન્યુઆરીથી માર્ચ સુધીમાં ૧૦૦ ટકા વ્યાજ માફી અને ત્યારબાદ એપ્રીલથી જુન સુધી ૧૦ ટકા ટેકસમાં રાહત આપવાથી જે કરોડો રૂપિયા ટેકસની આવકનાં આવેલ તે તમામ રૂપિયા ભાજપનાં શાસકોએ લકઝરીર્સ કાર અને પોતાની ઓફીસમાં ઓફીસ ટાઈમ દરમ્યાન સતત ચાલતા એસી અને અવાર નવાર તુટે તેવા રોડ રસ્તા, ફીલ્ટર વગરનું દુષિત પાણી, સફાઈની કથળેલી સ્થિતિ, સ્ટ્રીટ લાઈટની નહીવત સુવિધાઓનાં નામે પ્રજાએ પોતાની પરસેવાની કમાણીમાંથી ભરેલા ટેકસનાં પૈસાને વેડફી નાંખેલ છે. જૂનાગઢની જનતા દર વર્ષે એડવાન્સ એટલે કે જુન સુધીમાં નિયમીત વેરો ભરપાઈ કરે છે તે સિવાય મનપાને સ્વભંડોળની અન્ય કોઈ આવકના સ્ત્રોત ન હોય તેવી આવકનાં પૈસા મનપાનાં શાસકોએ સંપૂર્ણ સફાચટ કરી નાંખ્યા છે.

જાન્યુઆરીથી માર્ચ સુધીમાં ઘરવેરામાં ૧૦૦ ટકા વ્યાજ માફીને કારણે રૂા. બાવન કરોડ જેવી માતબર રકમની આવકથી મનપાની તિજોરી છલકાઈ હતી. ત્યારબાદ એપ્રીલથી જુન સુધી ઘરવેરામાં ૧૦ ટકા માફીને કારણે લોકોએ એડવાન્સ ટેકસ પેટે રૂા. ૨૫ થી ૨૭ કરોડ જેવી માતબર રકમ ટેકસ પેટે ઉઘરાવી હતી. કુલ મળી રૂા. ૫૭ થી ૮૦ કરોડ જેવી રકમ તિજોરીમાં જમા થયેલ હતી. આ તમામ રકમમાંથી મોટા ભાગની રકમ એપ્રીલ સુધીમાં જ વપરાય ગયેલ હતી. પરંતુ હાલ જૂનાગઢ મનપાની તા. ૧-૪-૨૪ થી તા. ૩૦-૬-૨૪ સુધીના આવક ખર્ચનાં હિસાબો જોતા એવું સ્પષ્ટ થાય છે કે ભાજપે જતા જતા મનપાની તિજોરી સાફ કરી નાંખેલ છે.

તા. ૧-૪-૨૪ થી તા. ૩૦-૬-૨૪ સુધીના શાખા પ્રમાણે આવક ખર્ચાનાં હિસાબો જોતા કઈ કઈ શાખા દ્વારા કેટલો ખર્ચ કરેલ છે અને તે શાખા દ્વારા કેટલી આવક કરેલ છે તેના આંકડાઓ જોતાં સ્પષ્ટ થાય છે કે જો મનપા જૂનાગઢની જો આવી પરિસ્થિતિ રહી તો આગામી સમયમાં મનપાનાં કર્મચારીઓનાં પગાર અને નિવૃત થતા કર્મચારીઓનાં હકક હિસ્સાની ચુકવણીમાં પણ મુશ્કેલી ઉભી થશે તેમ વોર્ડ નં. ૯નાં કોર્પોરેટર લલીતભાઈ પણસારાએ એક નિવેદનમાં જણાવેલ હતું.

## કારગીલ વિજય દિવસની પૂર્વ સંધ્યાએ ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર દ્વારા મશાલ રેલી

### ભારતે દુશ્મનોને ૨૫ વર્ષ પહેલા કારગીલ યુદ્ધમાં ધૂળ ચટાડી હતી તે યાદ કરી યુવા મોરચા દ્વારા ડીજે સાથે દેશભક્તિના ગીતો તેમજ હાથમાં પ્લે કાર્ડ સાથે રાખી મશાલ રેલી યોજી






જૂનાગઢ તા.૨૬

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિત શર્માનાં અધ્યક્ષસ્થાને ૨૫ જુલાઈ કારગીલ વિજય દિવસની પૂર્વ સંધ્યાએ જૂનાગઢ શહેરનાં કાળવા ચોક ખાતેથી વિશાળ મશાલ રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં કાર્યકરો ભેગા થઈ વીર યોદ્ધાઓ જેમને પોતાનું જીવન બલિદાન આપ્યું હોય એવા વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ મશાલ રેલીમાં સાઉન્ડ સ્પીકર સાથે દેશભક્તિનું વાતાવરણ ઊભું થાય તે પ્રકારના ગીતો સાથે શહીદોને યાદ કરી વિવિધ શહીદોના પ્લેકાર્ડ સાથે રાખી મોટી સંખ્યામાં કાર્યકરો ભારતે દુશ્મનોને કારગીલ યુદ્ધમાં ધૂળ ચટાડી વિજય મેળવ્યો હતો તેના વિષે માહિતગાર થાય તે પ્રકારનું આયોજન ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. કારગિલ વિજય દિવસ ભારતના સશસ્ત્ર દળોના શૌર્ય અને બલિદાનને યાદ કરવા અને સન્માન કરવા માટે ૨૬ જુલાઈના રોજ ઉજવવામાં આવે છે. આ યુદ્ધમાં અનેક જવાનોએ પોતાના પ્રાણોની આહુતિ આપી હતી. કારગિલ યુદ્ધમાં ભારતીય સેનાના ૫૨૭ જવાનો શહીદ થયા હતા અને ૧,૩૬૩ જેટલા ઘાયલ થયા હતા.

કારગિલ વિજય દિવસ એ તેમને યાદ કરવાનું અને શ્રદ્ધાંજલિ આપવાનો એક અવસર છે. આ દિવસ દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમનું પ્રતીક છે. ભારતના લોકો આ દિવસે પોતાની રાષ્ટ્રીય ભાવનાઓને વ્યક્ત કરે છે અને સશસ્ત્ર દળોના યોગદાનને વંદન કરે છે. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્મા, મહામંત્રી મનનભાઈ અભાણી વિનુભાઈ ચાંદેગ્રા, જે.કે.ચાવડા, યોગીભાઈ પઢીયાર, પલ્લવીબેન ઠાકર, ભાવનાબેન હિરપરા, જીતુભાઈ મણવર, કનકબેન વ્યાસ, ભરતભાઈ બાલસ, લીલાભાઈ પરમાર, ભરતભાઈ કારેણા, માલદેભાઈ ડોડીયા, વિજયસિંહ ઝાલા, વિનસભાઈ હદવાણી, સુરેશભાઈ પાનસુરીયા, કારાભાઈ રાણવા, પ્રવિણભાઈ વાઘેલા, ચેતન ગજેરા, ચંદુભાઈ ગોપાણી, શબ્બીર અમરેલીયા, વંદનાબેન દોશી, ચંદિકાબેન રાખશીયા, યોગેશ્વરીબેન જાડેજા, મનિષાબેન વૈશ્નાણી, ભાવનાબેન વ્યાસ, શિતલબેન તન્ના તથા બહોળી સંખ્યામાં હોદેદારો આગેવાનો કાર્યકરો વોર્ડ પ્રમુખો તથા વોર્ડ મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મિડિયા સંકલન કેતન નાઢા યશ ચુડાસમાએ કર્યું હતું તેમ મિડિયા વિભાગ નાં સંજય પંડ્યાની યાદી જણાવે છે.

## મેંદરડા તાલુકા પંચાયતના મહિલા પ્રમુખે અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તે પુર્વે રાજીનામું આપી દીધું

જૂનાગઢ તા.૨૬

મેંદરડા તાલુકા પંચાયતના ૧૬ સભ્યોમાંથી ૧૫ સભ્યોએ પ્રમુખ પર અવિશ્વાસ પ્રસ્તાવ મુકયો હતો જે અંગે આગામી તા.૨૯ના બેઠક બોલાવવામાં આવી હતી તે પુર્વે મેંદરડા તાલુકા પંચાયતના મહિલા પ્રમુખે અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તે પુર્વે રાજીનામું આપી દીધું છે. ભાજપ શાસીત મેંદરડા તાલુકા પંચાયતના પ્રમુખ દયાબેન દિપકભાઈ મકવાણા વિરૂધ્ધ ૧૫ સભ્યોએ ગત તા.૨-૯-૨૪ના ટીડીઓ સમક્ષ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરેલ હતી. જે અંગે પ્રમુખે ૧૫ દિવસમાં બેઠક બોલાવવાની હોય પરંતુ પ્રમુખે બેઠક નહી બોલાવતા ટીડીઓએ આ અંગેનો રીપોર્ટ ડીડીઓને કરતા ડીડીઓએ આગામી તા.૨૯-૭ના રોજ અવિશ્વાસ દરખાસ્ત અંગે બેઠક બોલાવી હતી. આ બેઠક યોજાઈ તે પહેલા જ ગઈકાલે દયાબેન મકવાણાએ પ્રમુખ પદેથી રાજીનામ આપી દીધું હતું. પ્રમુખની કામગીરીથી અસંતોષ હોવાના કારણે ૧૬માંથી ૧૫ સદસ્યોએ પ્રમુખ વિરૂધ્ધ અવિશ્વાસ દરખાસ્ત રજુ કરેલ હતી.

## માણાવદરના ગણા ગામની સીમમાં બળદ ચરાવવા બાબતે યુવાન પર ૬ શખ્સોનો હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

માણાવદર તા.૨૬

માણાવદર તાલુકાના ગણા ગામની કરાર નામથી ઓળખાતી સીમમાં ખેતરમાં બળદ ચારવાની ના પાડતા ૬ શખ્સોએ ધારીયા, કુહાડી સહિતના હથીયારો વડે હુમલો કર્યાની ફરીયાદ માણાવદર પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે વિક્રમભાઈ રામભાઈ મેતાએ ફરીયાદમાં નિલેશભાઈ હીરાભાઈ ડાંગર, ભરતભાઈ બાવાભાઈ ડાંગર, હીરાભાઈ મોકાભાઈ ડાંગર, દિલીપ બાવાભાઈ ડાંગર, રામભાઈ ભીમાભાઈ ડાંગર, જયેશભાઈ હીરાભાઈ ડાંગર રહે.બધા ગણા ગામ તા.માણાવદર વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ સાહેદ મુકેશભાઈ પટેલ રહે.કેશોદ વાળાનુ ખેતર સાંખે રાખેલ હોય તેમા આરોપી નિલેશભાઈએ ગેરકાયદે પ્રવેશ કરી બળદો ચારતા હોય અને અગાઉ પણ બે ત્રણ દિવસ પહેલા બળદો ચારવા આવેલ હોય ત્યારે પણ ઈજા પામનાર સાહેદ ભરતભાઈ રામભાઈ મેતાએ બળદો નહી ચારવા સમજાવેલ તેમ છતા બનાવ સમયે આરોપી નિલેશે ફરીથી બળદો ચારવા આવતા સાહેદ ભરતભાઈ સમજાવવા જતા આરોપી નિલેશે બાકીના આરોપીઓને બોલાવી તમામ આરોપીઓએ એક સંપ કરી ગેરકાયદે મંડળી રચી હાથમા કુહાડી તથા પાઈપ જેવા પ્રાણધાતક હથીયારો ધારણ કરી આવી જાનથી મારી નાખવાના ઈરાદે ઈજા પામનાર ભરતભાઈને આરોપી નિલેષે ધારીયા વતી માથામા જીવલેણ ગંભીર ઈજા કરી તથા ભરતભાઈ અને હીરાભાઈએ કુહાડી તથા આરોપી દિલીપ ડાંગર, રામભાઈ ડાંગર તથા જયેશભાઈ હીરાભાઈ ડાંગરે લોખંડના પાઈપ વતી ડાબા પગમા માર મારી ફેકચર જેવી ઈજા કરી તેમજ ડાબી આંખ ઉપર તથા શરીરે મુંઢ ઈજાઓ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ બારોટે હાથ ધરી છે.

## જૂનાગઢમાં બાળકોને કામ પર રાખનાર વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરમાં માંગનાથ રોડ પર સરકારી શ્રમ અધિકારી તથા બાળ મજુર નિરીક્ષકે બાળ શ્રમિકોને મુકત કરાવી બાળકો પાસે કામ કરાવનાર વિરૂધ્ધ એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર શહેરના માંગનાથ રોડ સ્થિત ડી-સ્કવેર કોમ્પ્લેક્ષમાં આવેલ સિલ્વર સેલ નામની દુકાન પર સરકારી શ્રમ અધિકારી તથા બાળ મજુર (નિયમન અને પ્રતિબંધ) નિરીક્ષકે ટાસ્ક ફોર્સની મદદથી બાળ શ્રમીકોને આરોપી અકીલ અમીનભાઈ સોરઠીયાના કબ્જામાંથી મુકત કરાવી બાળ સંરક્ષણ ગૃહ જૂનાગઢ ખાતે મોકલી આપી આરોપી વિરૂધ્ધ બાળશ્રમિકોને ગેરકાયદેસર કામે રાખવા અંગેનો ગુનો એ ડીવીઝન પોલીસમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### માંગરોળ : વાડી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૩ ઝડપાયા

માંગરોળના હુસેનાબાદથી શેપા જતા રોડ પર વાડી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૩ને ૧૧૦૩૦ના મુદ્દામાલ સાથે માંગરોળ પોલીસ ઝડપી લીધા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન હુસેનાબાદથી શેપા જતા રોડ વાડી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા આમદ ઈસ્માઈલભાઈ ધમેરીયા, અનીશ હનીફભાઈ જેઠવા, અયુબ હારૂનભાઈ પીડપીડને રૂા.૧૧૦૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ માંગરોળ પોલીસ મથકે જુગાર ધારા ૧૨ મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

### અવાણીયા ગામે આધેડે ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત

માળીયા હાટીના તાલુકાના અવાણીયા ગામે રહેતા આધેડે બીમારીથી કંટાળી ઉંદર મારવાની ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું માળીયા હાટીના પોલીસમાં નોંધાયું છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે બુધીબેન સામતભાઈ ડાભીએ જાહેર કરેલ કે પોતાના મૃતક પતી સામતભાઈ (ઉ.વ.૪૫)વાળાઓ છેલ્લા ત્રણ વર્ષ થી ડાયાબીટીશની બીમારી હોય છેલ્લા એક વર્ષથી કીડનીની બીમારી હોય જે બીમારીની સારવાર ચાલુ હોય અને કીડનીની બીમારી ના કારણે વારંવાર ડાયાલીસીસ કરાવવુ પડતુ હોય જેથી પોતાની બીમારીઓથી કંટાળી જઈ પોતાના ઘરે હતા ત્યારે પોતે પોતાની મેળે બાથરૂમમા જઈ ઉંદર મારવાની ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## રાજ્ય આરોગ્ય સેવાઓ માટે એકસાથે ૧૧૧૦ જેટલા તબીબો ઉપલબ્ધ થયા ૧૧૧૦ બોન્ડેડ તબીબો ગ્રામ્ય અને શહેરી આરોગ્ય સેવાઓમાં બેકબોન સાબિત થશે

### રાજ્યના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રીક્ટ અને ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ તેમજ ESIC હોસ્પિટલમાં બોન્ડેડ તબીબોને મુકવામાં આવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય સેવાઓ શ્રેષ્ઠત્તમ બને તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે આજે રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ્ય અને શહેરી આરોગ્ય સેવાઓમાં ૧૧૧૦ જેટલા બોન્ડેડ તબીબોને મુકવામાં આવ્યાં છે. રાજ્યની ગ્રામ્ય આરોગ્ય સેવાઓમાં નવનિયુક્ત આ બોન્ડેડ તબીબો બેકબોન સાબિત થશે. આ તમામ બોન્ડેડ તબીબો મેડિકલ ઓફિસર વર્ગ-૨ તરીકેની ફરજ અદા કરશે. આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલા હુકમ અનુસાર રાજ્યની ૩૧ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ૧૩૨, ૫૧ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ૧૧૯, ૨૨૨ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ૩૧૦, ૪૯૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૪૩૦ અને રાજ્યની ૫૭ ESIC હોસ્પિટલમાં ૧૧૯ મળીને રાજ્યની ૮૫૬ હોસ્પિટલમાં કુલ ૧૧૧૦ તબીબો ઉપલબ્ધ થયા છે. તબીબી અધિકારી વર્ગ-૨ ની કુલ ૧૨૭૨ જગ્યાઓ પૈકી ૧૧૧૦ તબીબોને આજે નિમણૂંક આપવામા આવી છે. બાકી રહેતી જગ્યાઓ પણ સત્વરે ભરવામાં આવશે. આ તબીબો ઉપલબ્ધ બનતા હવે રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઈ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં વર્ગ-૨ના તબીબની ઘટ્ટ નહીવત બનશે અને ગ્રામીણ આરોગ્ય કક્ષાએ આ સેવાઓ વધુ સુલભ બનશે.

## બેંક ઓફ બરોડા-દેના બેંક દ્વારા જૂનાગઢ વૃધ્ધ નિકેતન ખાતે ‘એક માં કે નામ પેડ’નો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

તા.૨૧-૭-૨૦૨૪ના રોજ રવિવારના રોજ બેંક ઓફ બરોડાના બ્રાન્ચ મેનેજર અંકુરભાઈ દેસાઈ તથા તેમના ઓફિસર સિલ્કીબેન રાહેજા તથા સેજલબેન સાગર તેમજ બેંક સ્ટાફ અવિનાશભાઈ તેમજ સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ



વાજાના માર્ગદર્શન નીચે વૃદ્ધ નિકેતન ખાતે એક મા કે નામ પેડનું વૃક્ષારોપણ કરવામાં આવેલ જેમાં રજનીબેન પુરોહિત, કમલેશભાઈ પંડ્યા તથા પ્રવીણભાઈ જોશી સર્વે ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ હતો.

## પુરવઠા વિભાગનાં દરોડામાં અનાજનાં જથ્થા સાથે રૂા. ૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

### ગેરકાયદેસર અનાજના ગોડાઉનમાં રેડ કરતા અનાજની સાથે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો મળી આવ્યો

(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૨૬

ગીર સોમનાથ જિલ્લા પુરવઠા વિભાગે બાતમીના આધારે ગેરકાયદેસર અનાજના ગોડાઉનમાં રેડ કરતા અનાજની સાથે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો મળી આવ્યો. જેના આધારે કલેકટર દ્વારા પુરવઠા અધિકારી, SDM ઉના, મામલતદાર સહિતના કાફલાને ઉના અંજાર રોડ પર આવેલા એક ગોડાઉન પર રેડ કરવા આદેશ આપ્યો. તમામ અધિકારઓ ચાલુ વરસાદમાં પહોંચી તાળા તોડી ગોડાઉનમાં પ્રવેશ કર્યો હતો. જેમાંથી પહેલા ગેરકાયદેસર અનાજનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં ચોખાના ૧૯૪ કટ્ટા, બાલશક્તિના ૧૭ પેકેટ સહિતનો શંકાસ્પદ અનાજનો જથ્થો પોલીસને હાથે લાગ્યો. જો કે, હદ તો ત્યારે થઈ જ્યારે કલેકટરે બનાવેલી સંયુક્ત ટીમ અનાજના ગોડાઉનની બાજુમાં અન્ય ઓરડાના તાળા તોડી અંદર પ્રવેશી. જ્યાં ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા અને અધિકારીઓ પણ ચોંકી ગયા. કારણ કે પહેલી કહેવત છે ને કે બગાસું ખાતા પતાસું મળ્યાં. બસ આવું જ બન્યું ઉનાના નગર પાલિકા હદ વિસ્તારના એક ગોડાઉનમાં. હાજર અધિકારીઓએ જ્યારે ઓરડામાં રહેલા ભરેલા કોથળા ચેક કરતા તેમાંથી મોટા પ્રમાણ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો. જેમાં વિદેશી ઈંગ્લિશ દારૂની ૧૩૦૦થી વધુ બોટલો મળી આવી. ત્યારે પુરવઠા વિભાગની રેડ દરમિયાન વિદેશી દારૂ મળી આવતા ઉના પોલીસ પર અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. પોલીસ પર સવાલો ઊભા થઈ રહ્યા છે કે, દીવથી કોની રહેમ નજર હેઠળ આટલા મોટા પ્રમાણ વિદેશી દારૂનો જથ્થો ઉના સુધી પહોંચ્યો.

## દ્વારકાધીશ જગત મંદિરે ભક્તોનાં પગરખાં સાફ કરી અનોખી સેવા કરતા શ્રીમંત ભકત



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૬

ભગવાન શ્રી દ્વારકાધીશને તો રાજાધિરાજ કહેવાય છે એક દ્રષ્ટી કરે અને ભક્તની કિસ્મત પલટી નાંખે એવા દ્વારકાધીશના અસંખ્ય ભકતો પોતપોતાની રીતે ભગવાનની ભકિત કરી ઠાકોરજીનો ઉપકાર માને છે ગીર સોમનાથમાં એક રીસોર્ટનાં માલિક અને કપડાના અગ્રણી વેપારી ભગવાનશ્રી દ્વારકાધીશની કૃપાથી પોતાની મનોકામના પૂર્ણ થતા અમદાવાદથી દ્વારકા આવી જગતમદિર બહાર ભક્તોનાં પગરખાં સાફ કરી અનોખા અંદાજમાં સેવા કરે છે. ધન, પ્રતિષ્ઠા, મોભો વગેરે સાંસારિક સફળતાઓ જેની કૃપાથી મળે છે એ રાજાધિરાજ ભગવાન શ્રી દ્વારકાધીશ આગળ તો રાજા અને રંક બધા એક સમાન જ કહી શકાય. એવો સંદેશ આ ભકતની સેવાથી વહેતો થયો છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.